
વડતાલ શ્રી સ્વામિનારાયણ સંપ્રદાયની
શ્રી લક્ષ્મીનારાયણ દેવની સંસ્થાનું સમસ્ત સત્સંગ સમાજનું માસિક

# શ્રી વડતાલધામ સત્સંગ

વર્ષ : ૨, અંક : ૬, ઓગષ્ટ - ૨૦૧૧
છુટક નકલ કિંમત રૂા.૫-૦૦







વડતાલધામને આંગણે ઉજવાયો

# ગુરૂપૂર્ણિમા મહોત્સવ ૨૦૧૧



RNI No. GUJ/GUJ/2010/38053. The Postal Regn. No. "G-KDA-86/2011-13" Valid up to. 31.12.2013. Posted From Vadtal Post Office. On 20th of every month.

# વડતાલ પીઠાધિપતિ પ.પૂ.ધ.ધૂ. ૧૦૦૮ આચાર્ય શ્રી રાકેશપ્રસાદજી મહારાજનો ૪૬ મો જન્મોત્સવ













श्री स्वामिनारायण मंदिर

વડતાલ ધામ

॥ वृत्तालये स भगवान् जयतिह साक्षात् ॥

Wedb Site :
**www.vadtalmandir.org**

E-mail address :
**vsm@vadtalmandir.org**
**vsm191@yahoo.co.in**

**Subscription**

(india)

1 year ₹. 30

Lifetime ₹. 500,

For Other Countries

(airmail) ₹. 5000

(lifetime)

**Year - 2**
**Volume - 6**
**August - 2011**



॥ श्री स्वामिनारायणो विजयतेतराम् ॥

# Shree Vadtaldham Satsang

## નંદ ઘર બજત વધાઈ....

નંદ ઘર બજત વધાઈ, સખીરી નંદ ઘર વધાઈ;
પ્રેમ નગર ગાવત વ્રજવાસી, આનંદે ઉર ન સમાઈ. ૧

જશોમતી જાયો લાલ યુ સુનીકે, વ્રજ વનિતા સબ આઈ;
દધિ છંટકત મુખ મંગળ ગાવત, શોભા વરની ન જાઈ. ૨

અરસ પરસ દધિ ડાહત, કરત કુતૂહલ ધાઈ;
ગુણિજન ગાવત પ્રિય વેદ ધ્વનિ, કરત અધિક સુખદાઈ. ૩

ચઢિ વિમાન સુર મુનિ સબ આયે, રહ્યો નભમંડળ છાઈ;
મુકતાનંદ કો નાથ નિરખી સબ, દિનોહેં જગ વિસરાઈ. ૪

**OWNER,PUBLISHER,PRINTER & EDITOR :** CHIEF EXECUTIVE KOTHARI SHREE SHASTRI SWAMI NILKANTHCHARANDASJI GURU SWAMI HARIJIVANDASJI For Vadtal Temple Managing Trusty Board. Printing Press Laxminarayan Dev Offset Shree Swaminarayan Mandir, At. & Post : Vadtal, Tal. Nadiad, Dist.Kheda(Guj.) – Pin.387375,Ph.(0268) 2589728,2589776

# તણાવ

મુખ્ય કો. પ.પૂ. શ્રી નિલકંઠચરણદાસજી સ્વામી-વડતાલ

તણાવ નો અર્થ થાય છે ખેંચાવ. દોરડીને બન્ને બાજુથી તાણવામાં આવે તો દોરડી નબળી પડે અથવા તૂટી જાય છે. રબ્બરને ખૂબ ખેંચો તો રબ્બરની તાકાત ઘટી જાય છે. તેમ માણસના જીવનમાં તણાવ આવે તો માણસ શારીરિક રીતે તથા માનસિક રીતે નબળો પડી જાય છે. તણાવ યુકત જીવન જીવતા માણસને બેચેની રહે છે. ભુખ લાગતી નથી કોઈ કાર્યમાં મન લાગતું નથી. બીમાર ન હોવા છતા બિમાર છું એવી લાગણી અનુભવતો હોય છે. બીજા માણસો સાથે હળીમળીને રહી શકતો નથી તેથી તેના જીવનમાં આનંદ આવતો નથી અંતે તેને પોતાનું જીવન ભારરુપ લાગે છે. આ બધાની પાછળ એક જ કારણ તણાવ.

ઘણા માણસોના એવા સ્વભાવ પડી ગયા હોય છે કે તે નાની નાની બાબતમાં પણ તણાવમાં આવી જાય છે. જીવન છે એટલે જીવનમાં નાના મોટા પ્રસંગો બનતાજ હોય છે નાની નાની વાતોમાં તાણ અનુભવે છે. એવો એક પ્રસંગ છે. રામજીભાઈ હરિભગત એક દિવસ મારી પાસે આવીને હસ્તા હસ્તા કહે સ્વામી એક વાત કહેવી છે. મે કહ્યું કહો એટલે તેણે પોતાનો પ્રસંગ કહ્યો. તા. ૧૪/૫/૨૦૧૧ ને શનિવાર ના રોજ એકાદશી હતી તેથી મેં આગલા દિવસે નકકી કર્યું કે મારે એકાદશીને દિવસ મંગળા આરતીના દર્શન કરવા છે. મારે મોડું ઉઠવાની ટેવ તેથી વહેલા ઉઠવા માટે વહેલા સુઈ જવું આવુ નકકી કર્યું. વહેલા સુવાનું યાદ આવે તેટલા માટે મે મારા રૂમાલને ગાંઠ મારી જેથી યાદ આવે કે આજે વહેલુ સુઈ જવું છે. રૂમાલ ખીંચામાં નાખ્યો સાંજે ભોજન લઈને થોડીવાર પછી હું સુવા ગયો છીંક આવી નાક સાફ કરવા રૂમાલ કાઢયો તો રૂમાલને ગાંઠ મારેલી જોઈને વિચાર આવ્યો કે શું કામ માટે આ ગાંઠ મારી છે. જેના માટે મે ગાંઠ મારેલી તે ભૂલાઈ ગયેલુ. હું યાદ કરૂ પણ યાદ આવે નહિ પથારીમાં સૂતા સૂતા યાદ કરૂં છું કે આજે શું હું ભુલીગયો કાંઈ અગત્યનું કામ તો નહિ હોય ને પછી તો મન એવું વિચારમાં ચઢી ગયું કે ઉંઘ જ ન આવે યાદ કરતા કરતા અર્ધીરાત્રી વિતી ગઈ એકાએક યાદ આવ્યુ કે સવારે એકાદશીમાં મંગળા આરતીના દર્શન કરવા જવાનું છે તેના માટે વહેલા સુઈ જવાનું હતુ. વહેલા સુઈ જવાનું યાદ આવે એટલા માટે મેં રૂમાલને ગાંઠ મારેલી પણ તેના લીધે જ સુંવાનુ મોડુ થયુ તેથી સવારે વહેલુ ઉઠાયુ નહિ ને મોડુ થઈ ગયું. મંગળા આરતી ચુકાઈ ગઈ સ્વામી આવુ બન્યુ એમ કહીને હસવા લાગ્યા રામજીભાઈ નિખાલ તેથી તેણે વાત કરી દીધી.

આ વાત રામજીભાઈની નથી આ વાત આપણા સૌની છે. અકારણ કેટલાય ટેન્શન (તણાવ) ઉભા કરતા હોઈએ છીએ. રામજીભાઈની જેમ ન જરૂર હોય તેની ગાંઠો મનમાં પાડીને તણાવ ઉભા કરીએ છીએ રામજીભાઈએ રૂમાલને ગાંઠ મારીને આખી રાત બગાડી ઉંઘી ન શકયા.

કારણ વિનાની આવી કેટલીય ગાંઠો મનમાં પાડીને આપણે તણાવ ઉભા કરીએ છીએ અને પછી દુઃખી થઈએ છીએ. તો નાની–નાની વાતોમાં ગાંઠ ન પાડવી તણાવ ઉભા ન કરવા.

તો કેટલાક માણસો એવા હોય છે કે મહત્વની બાબતો પણ હળવાશથી લેતા હોય છે તેમને તાણ વર્તાતી નથી આ પણ ઠીક નહિ કારણ કે મહત્વની બાબતમાં તાણ ન વરતાય એ પણ ઠીક નહિ કારણ કે તણાવ એ માણસની પ્રકૃતિનું સંચાલિક બળ છે. મહત્વની બાબતમાં તાણ ન અનુભવે તો મોટુ નુકશાન થાય માટે તે વ્યવહારિક દ્રષ્ટિએ એ બરાબર નથી તો વારે વારે તાણ અનુભવવાથી સ્વભાવ ચીડીયો થઈ જાય છે. અને ઉલટાનું કામ કાજ બગાડી નાખે છે. આવી વ્યકિતઓ બીજા માણસોની સાથે મીઠા સંબંધ રાખી શકતા નથી.

ઘણી વખત આપણે જ કાળજી પૂર્વક મુકેલી વસ્તુ ન જડે અથવા વસ્તુ–પદાર્થ ખોવાઈ ન જાય તે માટે સાચવીને કયાંક મૂકી હોય અને પછી તે જગ્યા જ ભુલી જવાય એટલે આપણે તણાવથી ભરાઈ જવાના અગત્યની ચાવી અથવા ચશ્મા આડે હાથે કયાંક મુકાઈ ગયા હોય પછી તેને હાંફળા–ફાંફળા થઈને આપણે શોધીએ અને ન મળે એટલે બુમો પાડીએ હે કોઈ ધ્યાન રાખતું નથી. કોઈને કાળજી નથી. તેમાંય બીજા સૌ પોત–પોતાના કામમાં વ્યસ્ત હોય એટલે શોધવામાં મદદ ન કરે તેથી આપણે ચીડાઈ જઈએ આ બધાની પાછળ મૂળ વાત છે નાની નાની બાબતે તણાવગ્રસ્ત થઈ જવાનો સ્વભાવ અને આવા સ્વભાવવાળા માણસો અન્યને તો મુશ્કેલીમાં મૂકે જ છે તેના કરતા પોતાને વધારે મુશ્કેલીઓ પડે છે. ઘણી વખતતો પોતાનો તણાવ બીજા ઉપર લાવવાની કોશિશ કરીએ છીએ પણ આ ચેષ્ટા બરાબર નથી. ઘણી વખત તો કંઈક ખોટુ લાગ્યુ તેથી બુમો પાડીને ઘરને ગજવી નાખે અથવા મૌન થઈને બોલે જ નહિ. આવિ વ્યકિત અપ્રિય બની જાય છે ઘરમાં કોઈને ગમતા નથી તેઓ ઘરમાં પ્રવેશે એટલે સૌને લાગે કે સાક્ષાત તણાવ ઘરમાં પ્રવેશ્યો.

શું આવું વ્યકિતત્વ બરાબર છે ? પોતે પોતાના સ્વભાવનું આત્મનિરક્ષણ કરવાનું છે કે મારામાં આવા સ્વભાવતો નથી ને ? જો હોય તો સુધારો કરી લેવો. સ્વભાવ સુધારવાથી સૌને પ્રિય બની જશું. જીવવાની પણ મઝા આવશે અને સૌથી શ્રેષ્ઠ ઉપાય સત્સંગથી સમજણ આવે મહાત્મ્ય જ્ઞાને યુકત ભકિત ઉદય થાય તો તણાવ જતો રહે.

# મોક્ષનું દ્વાર

- શાસ્ત્રી હરિકૃષ્ણદાસ
ગુરુ : પ.પૂ. સદ્. શ્રી હરિપ્રિયદાસજી સ્વામી (શ્રી સ્વા. મંદિર, વેડરોડ, સુરત.)



વ્હાલા ભક્તો ! ઈષ્ટદેવ ભગવાન શ્રી સ્વામિનારાયણના અમૃતવચનો છે. ''ચાર વેદ, પુરાણ, ઈતિહાસ એ સર્વેમાં એ જ વાર્તા છે જે, 'ભગવાન ને ભગવાનના સંત એ જ કલ્યાણકારી છે.' અને ભગવાનના જે સાધુ છે તે તો ભવ બ્રહ્માદિક દેવ થકી પણ અધિક છે. તે ભગવાન ને ભગવાનના સંતની જ્યારે પ્રાપ્તિ થઈ ત્યારે એ જીવને એથી ઉપરાંત બીજું કલ્યાણ નથી એ જ પરમ કલ્યાણ છે. (વ.મ.૯)

સાધુને જ પરમ કલ્યાણ માનનારા મોટા મોટા પણ સાધુનો સમાગમ કરી પોતાની ઝીણી ઝીણી ખામીઓને ખોળીને ટાળતા ને મૂર્તિના સુખમાં ડુબી જતા. આપણા આદિઆચાર્ય શ્રી રઘુવીરજી મહારાજ એકવાર આણંદ પધાર્યા હતા. તે વખતે અ.મુ. ગુણાતીતાનંદ સ્વામી પણ સાથે હતા. શ્રી રઘુવીરજી મહારાજે ગુણાતીતાનંદ સ્વામીનો હાથ ઝાલી પોતાની સાથે સિગરામમાં બેસાર્યા ને સ્વામીના હાથમાં પેંડો આપ્યો ને કહ્યું સ્વામી ! આ પેંડો તમો જમો ત્યારે સ્વામી તે પેંડો હાથમાં ઝાલી અંતર્વૃત્તિ કરી ગયા. પછી બોલ્યા પાંચસો પરમહંસો ગળું ઝાલીને ઊભા છે ને કહે છે, 'ખાઈશ નહિ, ઝેર છે, ઝેર છે, ઝેર છે. તે સાંભળી રઘુવીરજી મહારાજ કહે સ્વામી ! આપ આમ વર્તો ત્યારે અમારા શા હાલ થશે ? અમારી ગ્રંથિ તો હજુ ગળી નથી.'

ત્યારે ગુણાતીતાનંદ સ્વામીએ કહ્યું બાપજી ! 'તમો તીર્થવાસી બનીને જૂનાગઢ આવો તો હું તમારી ગ્રંથિ ગાળી નાખું અને જો ગ્રંથિઓ ગાળીને તમને ગુણાતીત ન કરું, તો હું ગુણાતીત નહિ.' સામે સાધુ સમાગમને જ મોક્ષનું સર્વોત્તમ સાધન માનનારા આચાર્ય શ્રી રઘુવીરજી મહારાજે પણ પ્રતિજ્ઞા કરી કે સ્વામી ! ''જો હું તીર્થવાસી થઈને જૂનાગઢ ન આવું, તો હું રઘુવીર નહિ.'' પછી સમય જતાં ભગવત્પ્રસાદજી મહારાજને વડતાલની ગાદી સોંપી પોતે તીર્થવાસી બની સંઘ લઈ ચાલતા ચાલતા જૂનાગઢ આવ્યા ને ગુણાતીતાનંદ સ્વામીને સામે બેસી વાતો સાંભળી ગ્રંથિઓ ગાળી ને ગુણાતીત થયા... આ સાધુના પ્રસંગથી થયું.

એટલે જ તો અનુભવી સંત નિષ્કુળાનંદ સ્વામીએ ગાયુ છે.

**મળે જીવન મુક્ત તે જોગિયા રે, ત્યારે ટળે તન મન તાપ...સત્સંગ કીજીએ**
**ફરે અવયવ આ રે શરીરના, પરાં પળાય પંડના પાપ...સતસંગ કીજીએ**
**જેમ કીટ મટી થાય ભમરી, તેને કીટ કહે નહી કોય...સતસંગ કીજીએ**
**તેમ સદ્‌ગુરુ મુખિયા સંતથી, થાય જંત તે સંત સ્વરૂપ...સતસંગ કીજીએ**

આવા સાધુનો મહિમા જેટલો સમજીએ ને ગાઈએ તેટલો ઓછો છે. ખુદ શ્રીજીમહારાજ પણ સાધુનો અપાર મહિમા ગાતા. એકવાર ગુણાતીતાનંદ સ્વામીના મોટા ભાઈ શિવાનંદ સ્વામી આત્મનિવેદી હતા. એટલે પાણી પીવું હોય તોય શ્રીજીમહારાજની ચરણરજ નાખી પાણી પીતા. એકવાર ગીરનારમાં વાસ તથા વળિયું લેવા ગયેલા અને ઉતાવળમાં ચરણરજ લેવાનું ભૂલી ગયા. ઉનાળાના દિવસો સખત ઘામ થાય ને તેવામાં શિવાનંદ સ્વામીને તરસ લાગી પણ ચરણરજ સાથે ન હોવાથી પાણી પીધુ નહિ. સૌ સાધુઓ શ્રીહરિનું સ્મરણ કરતા ચાલ્યા આવે. તેવામાં ગુણાતીતાનંદ સ્વામી થોડા સાધુ લઈ સામા ગયા. ને સંતોની ભેગા થયા ત્યારે કોઈ સાધુએ કહ્યું : સ્વામી ! આ શિવાનંદ સ્વામી ખૂબ તરસ્યા છે. ચરણરજ ન હોવાથી પાણી પીધું નથી.

ત્યારે સ્વામીએ કહ્યું : આ પાણી ચાલ્યુ જાય છે. તેમાં ઉપર હું ઊભો રહું ને નીચેથી તમે પાણી પીઓ એટલે પ્રસાદીનો તમારે કંઈ વાધો નહિ. શિવાનંદ સ્વામી તો ગુણાતીતાનંદ સ્વામીનો મહિમા યથાર્થ રીતે સમજતા હતા તેથી સ્વામીના વચને પાણી પ્રસાદીનું જાણી પીધું. આ વાત કોઈકે મહારાજને કરી કે મહારાજ ગુણાતીતાનંદ સ્વામીએ આવું કરાવ્યું. ત્યારે મહારાજ કહે એમાં શું ખોટુ કર્યુ ? સાધુના ચરણમાં તો અનેક ગંગા રહી છે. માટે ઠીક કર્યું. એમ ન કર્યુ હોત તો સાધુ તરસે મરી જાત ગંગાજીને તો વામનજીના ચરણનો એક જ વાર સ્પર્શ થયો છે. આવા સાધુ તો વામનજીથી કરોડગણા અધિક મહિમાવાળા છે. અરે કરોડગણા કહીએ તો પણ ઓછા છે. આવો મહિમા મહારાજ પણ ગાતા તે મહારાજના વચનો વૈરાગ્યમૂર્તિ સદ્. નિષ્કુળાનંદ સ્વામીએ પુરુષોત્તમપ્રકાશ ગ્રંથમાં પ્રકાર ૪૧માં આલેખ્યા છે.

**સંત હું ને હું તે વળી સંત રે, એમ શ્રીમુખે કહે ભગવંત રે;**
**સંત માનજો મારી મૂરતિ રે, એમાં ફેર નથી એક રતિ રે. ૯**
**સંત સેવ્યાથી સુખ મળે, વળી ટળે તન મન તાપ;**
**પરમ ધામને પામિયે, તે પણ સંત પ્રતાપ. ૨**

એકવાર સદ્‌ગુરુ શ્રી બાલમુકુંદદાસજી સ્વામી ગોખરવાળા ગામ પધાર્યા હતા. ગામડા ગામમાં દેશી નાળિયાવાળા ગાર્ય માટીના મંદિરમાં સ્વામીશ્રીએ ઉતારો કર્યો. બાલમુકુંદ સ્વામી જૂનાગઢથી પધારવાના છે તે સમાચાર ગોખરવાળા ગામના જ રહેવાસી પ્રેમજીભગત મળ્યા ને તરત જ મંદિરને સાફસુફ કરાવી નવી ગાર્ય કરાવી હતી. સ્વામી આવ્યા ભગતે પોતાના ઘેર્યથી પાણીની ગોળીઓ મોકલાવી સાથે ઠાકોરજી તથા સંતોના થાળ માટે સીધુ પાણી શાકભાજી વગેરે લાવી સંતોને કહ્યું : આજે મારી રસોઈ છે તો ઠાકરજીનો થાળ કરી તમો જમો. આમ સંતોની મહિમાથી પ્રેમજીભગત ખૂબ સેવા કરે. સ્વામીને પોતાની વાડીએ લઈ જાય ત્યાં કુવામાંથી પાણી બહાર કાઢી સ્નાન કરાવે, વાડીમાં થતા તાજા શાકભાજી ઠાકોરજીના થાળ માટે આપે.

બાલમુકુંદ સ્વામી જ્યાં સુધી રોકાય ત્યાં સુધી ખડે પગે હાજર રહી સંતોની સેવા કરી. સેવાથી સ્વામી ખૂબ પ્રસન્ન થયા. એક દિવસ સ્વામીએ પ્રેમજીભગતને બોલાવી કહ્યું ભગત ! કાલે અમારે હવે બીજે ગામ જવું છે પણ તમારી સેવાથી અમો ખૂબ રાજી થયા છીએ. જુવો સામે ખીટીએ બે જોળી ટીંગાય છે તેમાં એક જોળીમાં અક્ષરધામ છે ને બીજી જોળીમાં કુબેરનો ભંડાર છે. તમને જે ગમે તે જોળી લાવો.

બાલમુકુંદ સ્વામીના વચનો સાંભળી ભગતે હાથ જોડ્યા સ્વામી ! તમારો સમાગમ કર્યો છે ને મહારાજની મૂર્તિનો સ્વાદ ચાખ્યો છે. મારે અંતરમાં આ લોકના કોઈ પદાર્થની સ્પૃહા નથી. સ્વામી મને મહારાજનું ધામ આપો. ત્યારે સ્વામી કહે તો પ્રેમજીભગત ઓલી પેલી જોળી લાવો. ભગત ઉભા થયા જોળી લાવ્યા ને સ્વામીએ જોળીમાંથી એક ધોળુ ધોતિયું કાઢ્યું ને ભગતને આપ્યુ ને કહ્યું આ અક્ષરધામ તમને આપ્યું જ્યારે પણ તમને ધામમાં જવાનો સંકલ્પ થાય ત્યારે આ ધોતિયું ઓઢી ભજન કરજો. સવારે મહારાજ તમને પોતાના ધામમાં તેડી જશે. જાવ અમારા આશિર્વાદ છે. સ્વામી તો આશિર્વાદ આપી ગોખરવાળાથી નીકળી ગયા.

સમય જતા એકવાર એકાદશીના દિવસે પ્રેમજીબાપાને વિચાર આવ્યો હવે આ લોકમાં કેટલા વર્ષ રહેવું છે. ઘણુ રહ્યાં હવે તો ધામમાં દિવ્યદેહે મહારાજની સેવામાં પહોચી જાવ. વિચાર આવતા બાપા સાંજે ધોતિયું ઓઢીને બેઠા. પોતાના દિકરાને ખબર પડતા તેણે ગામના હરિભક્તોને વાત કરી આજે બાપા બાલમુકુંદ સ્વામીએ આપેલું ધોતિયું ઓઢીને બેઠા છે. નક્કી બાપાને મહારાજ ધામમાં તેડી જશે. દર્શન કરવા હોય તો ચાલો ગામના હરિભક્તો સમાચાર મળતા પ્રેમજીબાપાના ઘેર્ય આવ્યા.

આ બાજુ વહેલી સવારે મહારાજ માણકી લઈ પ્રેમજીબાપાના ફળિયામાં આવ્યા. માણકીની લગામ ખેંચી માણકીએ પોતાના બેય પગ ઓસરીની કોર ઉપર મૂક્યાં ને મહારાજે માણકી પર બેઠા બેઠા જ હાથ લાંબો કરી બાપાએ ઓઢેલું ધોતિયું માથેથી ખેંચતા કહ્યું ભગત ચાલો અમારા અક્ષરધામમાં અમો તમને તેડવા આવ્યા છીએ. પ્રેમજીબાપાએ આંખ્યો ખોલી સામે જોયું તો તેજના અંબારમાં મનોહરમૂર્તિ મહારાજને જોયા ને કહ્યું મહારાજ હું તૈયાર જ છું. ગુરુ બાલમુકુંદ સ્વામીના વચન ફળ્યાં આપ સ્વામીને વચને મને તેડવા આવ્યા. મારી કોઈ એવી સાધના નથી કે આપ મને અંતકાળે તેડવા આવો. આતો સંતના રાજીપાનું ફળ છે. પછી ગામના હરિભક્તોને બે હાથ જોડી કહ્યું ભક્તો સૌ રાજી રહેજો ને મહારાજનું ભજન કરજો. હું મહારાજના ધામમાં જાવ છું લ્યો છેલ્લા સૌને જય સ્વામિનારાયણ... આટલું બોલી ભગત મહારાજના ધામમાં ગયા.

વ્હાલા ભક્તો ! સંતના રાજીપાથી વગર સાધનાએ જપ, તપ, તીર્થ, વ્રત, યોગ, યાગ કર્યા વગર ધામ મળે. સાધના જ્યાં ટૂકી પડે ત્યાં રાજીપો કામ કરે છે. અને એટલે જ તો શાસ્ત્રો પોકારી પોકારીને કહે છે કે મોક્ષના દાતા તો ભગવાન અને સાધુ બે જ છે. તો કરીએ સાધુનો પ્રસંગ.

(ક્રમશઃ)

# સત્સંગની મા સદ્‌ગુરુ શ્રીમુક્તાનંદ સ્વામીનું જીવનચરિત્ર - ૨

લે.શા. સંતવલ્લભદાસજી સ્વામી (વેદાંતાચાર્ય.Phd)
ગુરુવર્ય : પ.પૂ.શાસ્ત્રીજી સ્વામી (ચેરમેન શ્રી વડતાલ ટેમ્પલ બોર્ડ )

(ગતાંકથી ચાલું)

(સત્સંગની મા મુક્તાનંદ સ્વામીના જીવન વિશે આપણે ગતાંકના લેખમાં જાણ્યું આ અંકમાં મુક્તાનંદ સ્વામીએ સંપ્રદાયમાં પ્રારંભમાં સત્સંગ વિકાસમાં જેભૂમિકા ભજવી તેને વિશે જાણીશું)

સત્સંગ વિકાસમાં મુક્તમુનિની ભૂમિકા

આજે જે કોઈ પોતાને સ્વામિનારાયણ ભગવાનનો આશ્રિત ગણાવે છે તે સર્વે અનુયાયીઓ આ સંતના ઋણી છે. સત્સંગના સમ્રાટ શ્રી સહજાનંદજી મુક્તમુનિની ભેટ છે. જ્યારે નિલકંઠ વર્ણીરૂપે મહારાજ લોજ પધાર્યા ત્યારે મુક્તમુનિની વિદ્વત્તા-ઉપાસના શુદ્ધિ અને સાધુતાના પુણ્યપ્રતાપે તેઓ લોજમાં રહ્યા. રામાનંદ સ્વામીને મળ્યા અને આપણને આ સંપ્રદાય મળ્યો. હું ફરી એકવાર કહું છું, આ સંપ્રદાયના લાખો અનુયાયીઓ મુક્તમુનિના સદૈવ ઋણી રહેશે. જો તેઓ લોજમાં શ્રીનિલકંઠવર્ણિને રોકવામાં સફળ ના થયા હોય તો આ દિવ્ય સત્સંગની કલ્પના કેવી રીતે કરી શકાય?

સત્સંગની સ્થાપના અને વિકાસમાર્ગના તેઓ ભોમિયા હતા. તેઓએ અનેક મોટા-મોટા શહેરમાં રોચક શૈલીમાં કથાવાર્તા કરી નવા અનુયાયીઓ તૈયાર કર્યા હતા. તેમના વિચાર-વાણિ અને વર્તનની એકતા શ્રોતા - દર્શકોને આકર્ષિત કરતી. આ ઉપરાંત શ્રોતાઓના મનના સમાધાન તેઓ પૂછ્યા વિના પણ કરી દેતા પરિણામે મોટા-મોટા શહેરોમાં મોટા-મોટા બુદ્ધિજીવી લોકો પણ સંપ્રદાયમાં જોડાયા હતા. જેનો ખ્યાલ નીચેના પ્રસંગો પરથી આવશે.


## ભુજ

સાંપ્રદાયિક વિકાસ વિદ્વાન - સાધુઓ દ્વારા જ થઈ શકશે. એમ વિચારીને સદ્‌ગુરૂશ્રી રામાનંદ સ્વામીએ મુક્તમુનિ અને દેવાનંદમુનિને ભુજ વધુ વિદ્યાભ્યાસ માટે મોકલ્યા. રાજ તરફથી ચાલતી પાઠશાળામાં પાઠ લેતા. રામવાડીમાં રહેતા અને ભિક્ષાવૃત્તિ કરીને દેહનિર્વાહ કરતા. ભિક્ષાવૃત્તિ દરમ્યાન રાજના દિવાન સુંદરજીભાઈ સુથારના માતુશ્રી પર આ સંતોના વર્તનની અસર થઈ. તેમણે સંતોને રહેવા એક ઓરડી આપી. ઓરડી પાસેના વડમાં રહેતા ભૂતોને મુકતમુનિએ બદરિકાશ્રમમાં મોકલ્યા અને આનંદપૂર્વક રહેવા લાગ્યા. ત્યારે દિવાનશ્રી સુંદરજીભાઈ આશ્ચર્યચકિત થયા. તેમના અંતરમાં સ્વામી પ્રત્યે અપાર લાગણી થઈ. રાજના દિવાનના મુક્તમુનિ ગુરૂ બન્યા. ધીરે ધીરે શહેરના આગેવાનોને સુંદરજીભાઈએ સ્વામીનો પરિચય કરાવ્યો. અને ગંગારામ મલ્લ આદિ અસંખ્ય અનુયાયીઓ તૈયાર થયા.

ભુજની પાઠશાળામાં પિંગળશાસ્ત્ર - અલંકારશાસ્ત્ર અને સંગીતવિદ્યાનો વિશેષ અભ્યાસ પૂર્ણ કરી મુક્તમુનિ જ્યારે લોજ આવ્યા ત્યારે તમામ નવા ભક્તોને સાથે લાવ્યા હતા અને બધાને શ્રીરામાનંદ સ્વામીના આશ્રિત કર્યા હતા. ત્યારબાદ સ્વામી પ્રતિવર્ષ ભુજ પધારતા. અને સત્સંગને પોષણ આપતા. આમ ભુજમાં સૌ પ્રથમ સત્સંગના પાયા નાંખનાર મુક્તમુનિ હતા.

## વરતાલ

શ્રીજી મહારાજ બોચાસણથી વરતાલ થઈને જેતલપુર પધાર્યા. મુક્તમુનિને મળ્યા. અને વરતાલ તથા તેની આસપાસના ગામમાં ફરવાની આજ્ઞા કરી. મુક્તમુનિ મંડળ સહિત વરતાલ આવ્યા અને લક્ષ્મીદાસ - કુબેરદાસ જેવા અનેક ભક્તો થયા. અરે ! જોબન જેવા લૂંટારાને પણ સ્વામીના શબ્દ આરપાર ઉતરી ગયા. વર્તમાન ધારણ કર્યા. બામરોલી આદિ ગામોમાં સ્વામીએ ખૂબ જ વિચરણ કરેલું. આ તમામ કથાઓ હરિલીલા કલ્પતરૂ-૫, વિ. ૨૦માં વર્ણવી છે.



સામ્પ્રત સમય માં દક્ષિણદેશના પાટનગરના રૂપમાં રાજ

તા વરતાલ ધામમાં સત્સંગના પાયા મુક્તિમુનિની વિદ્વત્તા અને સાધુતાયુક્ત કથા-વાર્તાના પ્રભાવથી નંખાયા હતા.

વડોદરા : મુક્તમુનિએ જ્યાં સત્સંગના પાયા નાંખ્યા હતા ત્યાં શ્રીજીની આજ્ઞાથી બ્રહ્મમુનિએ મંદિરના પાયા નાંખ્યા. વરતાલ અને ચરોતરના સત્સંગીઓના સમર્પણના પ્રતાપે ત્યાં નયનરમ્ય ગગનચુંબી મંદિર થયું. શ્રીહરિને વિશ્વાસ હતો કે, ગુજરાતનો ભક્તસમાજ જ્ઞાની કરતા પ્રેમી વધારે છે અને મુક્તમુનિમાં આત્મીયતા ધરાવે છે તેથી સ્વયં પોતાનું સ્વરૂપ પધરાવવામાં કંઈ તકલીફ નહી થાય... વરતાલ મંદિરમાં પ્રતિષ્ઠા થઈ.

સભામાં વડોદરાના નાથભક્તે પ્રાર્થના કરી. મતવાદિઓને જીતીને સત્સંગના મૂળ ઊંડા નાંખે એવા કોઈ સમર્થ મુનિને અમારા પુરમાં આવવા આજ્ઞા આપો. શ્રીજીની આજ્ઞા શીરે ધારીને મુક્તમુનિ વટપત્તન પધારે છે. છોટિ કાશીનો દરજ્જો ધરાવતા આ નગરમાં રાજાએ ભારતભરમાંથી વિદ્વાનોને બોલાવી રાજમાં વસાવ્યા હતા. તેથી જ તેને વિદ્વદ્‌નગરી યા છોટી કાશી તરીકે ખ્યાતી મળેલી. આ નગરીના શોભારામ - નરભેરામ - જેવા શાસ્ત્રીઓને હરાવવા મુક્તમુનિનું વટપુરમાં આગમન થયું. પોતાના દિવ્ય અલૌકિક વ્યક્તિત્ત્વથી ડઘાય ગયેલા પંડિતોને સ્વામીએ પરાજયનો સ્વાદ ચખાડ્યો. અને ''શ્રીસ્વામિનારાયણો વિજયતેતરામ્'' સૂત્ર આપ્યું. સિંહજીતરાજા વિગેરે ખૂબજ પ્રભાવિત થયા. નિત્ય સ્વામીના સમાગમમાં રહેવા લાગ્યા. મહારાજને તેડાવ્યા. ધામધૂમથી ગજરાજપર સવારી નીકળી.

મુક્તમુનિ આવ્યા. વિજય ધ્વજ લહેરાવ્યો અને વટપુરમાં સત્સંગના મૂળ જામ્યાં. ત્યારબાદ ગોપાળાનંદ સ્વામી પણ અવાર-નવાર પધારતા... પણ પાયાની ઈંટ મુનિવર્ય મુક્તાનંદજી હતા.

સુરત : સુરતમાં સત્સંગ રંગની લગ્નિ લગાડનાર પણ મુક્તમુનિ જ હતા. સં. ૧૮૬૬માં ખોખરામાં વૈરાગીઓએ અતિ ઉપદ્રવ કર્યો ત્યારે શ્રીહરિએ ચારસો સંતો સાથે મુક્તમુનિને સુરત મોકલ્યા. સુરતમાં કોઈનો ઉપદ્રવ ન હોવાથી સંતોની સુરક્ષા થાય. ૪૦૦ સાધુઓ સાથે સ્વામીએ સુરતમાં સત્સંગનો શિલાન્યાસ કર્યો. શેઠ ભિખારીદાસ - ભાલચંદ્ર જેવા નગરશ્રેષ્ઠીઓ અને અરદેશર પીલુ - જેવા અધિકારીઓ સત્સંગી થયા. શ્રીજી મહારાજને સુરતમાં પધરાવ્યા.

આ સુરતમાં હાલમાં જ્યાં સભા મંડપ છે ત્યાં કેટલાક ભૂતિયા ઘર ખાલી હતા. સુથારની જાન ઘોઘા બંદરે ગયેલીને વળતા વહાણ ડૂબી ગયેલું. વાસનાના વમળમાં ફસાયેલા આ જાનૈયા બધા ભૂત થયેલા. ઘરમાં રહેતા. તેમાં બીજુ કોઈ જઈ શકતુ નહિ. આ પ્રસંગ બન્યા પછી નજીકના ભવિષ્યમાં અંગ્રેજનું રાજ આવ્યું. તેણે જાહેરાત કરી. ભૂત કાઢે તેને મકાન આપી દેવા. ભાલચંદ્ર શેઠે શ્રીજી મહારાજ પાસે તેવા સંતને મોકલવા પ્રાર્થના કરી. મુક્તમુનિ પધાર્યા ભૂતોનો ઉદ્ધાર કર્યો અને અંગ્રેજોએ તે તમામ મકાનો લખી આપ્યા.

સુરત શહેરમાં આ વાત વાયુ વેગે પ્રસરી ગઈ. કારણ કે સ્વામીની પહેલા તંત્ર-મંત્રના બળે ઘણા સિદ્ધ તાંત્રિકો સરકારની ચેલેંજ ઉપાડી યમરાજના દરબારમાં જઈને ચિત્રગુપ્તના ચોપડામાં પોતાનો હિસાબ કરાવી ચૂક્યા હતા. પણ આ સંતે તો ભૂતોનો ઉદ્ધાર કર્યો. સમ્પ્રદાયની કીર્તિલતા સુરત મહાનગર ને ફરિ વળી અને સત્સંગનો અતિ ઉત્કર્ષ થયો. લોકોએ આ પ્રસંગને ચમત્કાર માનીને નમસ્કાર કર્યા.

ઉમરેઠ : ગુજરાતમાં સંસ્કૃતના જ્ઞાતાઓ માટે એ સમયમાં વડોદરા પછી ઉમરેઠનું નામ હતું. આ ગામમાં મુક્તમુનિ સૌ પ્રથમ પધાર્યા. છ માસ સુધી નિત્ય સંગીતના સથવારે શ્રીજીચરિત્ર અને સદ્‌બોધની સરવાણી વહાવી. વિદ્વાનો વાણીથી અને મુમુક્ષુઓ ચારિત્ર્યથી પ્રભાવિત થયા અને ધીરે ધીરે સત્સંગના રંગમાં રંગાયા. ત્યારબાદ નિત્યાનંદમુનીન્દ્ર પધાર્યા અને પાંડિત્યપૂર્ણ પ્રવચનોથી પ્રબુદ્ધ વર્ગને સંતોષિત કર્યો અને કહ્યું આ બ્રહ્માની સૃષ્ટિમાં મુક્તાનંદસ્વામી જેવા બીજા કોઈ સમર્થ નથી. એતો એક જ છે. પંડિતોની આંખો ફાટી ગઈ. આ એક જુઓ ને એક ભૂલો એવા આ સાધુઓ છે તો સ્વયં સ્વામિનારાયણ કેવા હશે ? ઉત્કંઠાના નિવારણ માટે મહારાજ ઉમરેઠ પધાર્યા છે. આમ ઉમરેઠ જેવા નગરમાં સત્સંગના પાયા નાંખનાર મુક્તમુનિજ હતા. ગોંડળના નરેશ મોતીભાઈને પણ ''મુનિ મુક્તાનંદે પ્રથમ વયમાં તે નૃપતિને, કરાવેલી પોતે પ્રગટ પ્રભુમાં પૂર્ણ રતિને'' એવો ઉલ્લેખ છે.

આમ આવા નાના-મોટા અનેક પ્રસંગોના આધારે મક્કમ સ્વરે કહિ શકાય કે આ સંપ્રદાયના વિકાસમાં શ્રીહરિ પછી સૌથી મોટુ યોગદાન-સમર્પણ-ભૂમિકા હોય તો તે અમારા ગુરૂવર્ય મુક્તમુનિની છે.

## પ્રકાંડ પાંડિત્ય

મુક્તમુનિને પાંડિત્ય પરંપરાગત રીતે પ્રાપ્ત થયેલું. અમરેલીના પ્રતિભાશાળી ચમત્કારિક શક્તિ સમ્પન્ન મહાત્મા મૂળદાસના શિષ્યો પાસે શૈશવકાળમાંજ તેમણે સંસ્કૃત-સંગીત અને ધનુર્વેદમાં સારૂં એવું પ્રભુત્ત્વ મેળવેલું. તેમના પિતાશ્રી શ્રી આનંદરામ પણ કાશીમાં ભણેલા એક વિદ્વાન પુરૂષ હતા. તેમની પાસે પણ તેમણે ખૂબ જ તીક્ષ્ણબુદ્ધિ સાથે અભ્યાસ કરેલો. સમય જતા ત્યાગી થયા. પછી પણ ભુજમાં જઈને પિંગળશાસ્ત્ર-અલંકારશાસ્ત્ર અને સંગીતનો ઉત્તમ અભ્યાસ કરેલો.

સ્વામીના સાહિત્ય પર નજર કરતા સ્પષ્ટપણે કહિ

તા વરતાલ ધામમાં સત્સંગના પાયા મુક્તિમુનિની વિદ્વત્તા અને સાધુતાયુક્ત કથા-વાર્તાના પ્રભાવથી નંખાયા હતા.

વડોદરા : મુક્તમુનિએ જ્યાં સત્સંગના પાયા નાંખ્યા હતા ત્યાં શ્રીજીની આજ્ઞાથી બ્રહ્મમુનિએ મંદિરના પાયા નાંખ્યા. વરતાલ અને ચરોતરના સત્સંગીઓના સમર્પણના પ્રતાપે ત્યાં નયનરમ્ય ગગનચુંબી મંદિર થયું. શ્રીહરિને વિશ્વાસ હતો કે, ગુજરાતનો ભક્તસમાજ જ્ઞાની કરતા પ્રેમી વધારે છે અને મુક્તમુનિમાં આત્મીયતા ધરાવે છે તેથી સ્વયં પોતાનું સ્વરૂપ પધરાવવામાં કંઈ તકલીફ નહી થાય... વરતાલ મંદિરમાં પ્રતિષ્ઠા થઈ.

સભામાં વડોદરાના નાથભક્તે પ્રાર્થના કરી. મતવાદિઓને જીતીને સત્સંગના મૂળ ઊંડા નાંખે એવા કોઈ સમર્થ મુનિને અમારા પુરમાં આવવા આજ્ઞા આપો. શ્રીજીની આજ્ઞા શીરે ધારીને મુક્તમુનિ વટપત્તન પધારે છે. છોટિ કાશીનો દરજ્જો ધરાવતા આ નગરમાં રાજાએ ભારતભરમાંથી વિદ્વાનોને બોલાવી રાજમાં વસાવ્યા હતા. તેથી જ તેને વિદ્વદ્‌નગરી યા છોટી કાશી તરીકે ખ્યાતી મળેલી. આ નગરીના શોભારામ - નરભેરામ - જેવા શાસ્ત્રીઓને હરાવવા મુક્તમુનિનું વટપુરમાં આગમન થયું. પોતાના દિવ્ય અલૌકિક વ્યક્તિત્ત્વથી ડઘાય ગયેલા પંડિતોને સ્વામીએ પરાજયનો સ્વાદ ચખાડ્યો. અને ''શ્રીસ્વામિનારાયણો વિજયતેતરામ્'' સૂત્ર આપ્યું. સિંહજીતરાજા વિગેરે ખૂબજ પ્રભાવિત થયા. નિત્ય સ્વામીના સમાગમમાં રહેવા લાગ્યા. મહારાજને તેડાવ્યા. ધામધૂમથી ગજરાજપર સવારી નીકળી.

મુક્તમુનિ આવ્યા. વિજય ધ્વજ લહેરાવ્યો અને વટપુરમાં સત્સંગના મૂળ જામ્યાં. ત્યારબાદ ગોપાળાનંદ સ્વામી પણ અવાર-નવાર પધારતા... પણ પાયાની ઈંટ મુનિવર્ય મુક્તાનંદજી હતા.

સુરત : સુરતમાં સત્સંગ રંગની લગ્નિ લગાડનાર પણ મુક્તમુનિ જ હતા. સં. ૧૮૬૬માં ખોખરામાં વૈરાગીઓએ અતિ ઉપદ્રવ કર્યો ત્યારે શ્રીહરિએ ચારસો સંતો સાથે મુક્તમુનિને સુરત મોકલ્યા. સુરતમાં કોઈનો ઉપદ્રવ ન હોવાથી સંતોની સુરક્ષા થાય. ૪૦૦ સાધુઓ સાથે સ્વામીએ સુરતમાં સત્સંગનો શિલાન્યાસ કર્યો. શેઠ ભિખારીદાસ - ભાલચંદ્ર જેવા નગરશ્રેષ્ઠીઓ અને અરદેશર પીલુ - જેવા અધિકારીઓ સત્સંગી થયા. શ્રીજી મહારાજને સુરતમાં પધરાવ્યા.

આ સુરતમાં હાલમાં જ્યાં સભા મંડપ છે ત્યાં કેટલાક ભૂતિયા ઘર ખાલી હતા. સુથારની જાન ઘોઘા બંદરે ગયેલીને વળતા વહાણ ડૂબી ગયેલું. વાસનાના વમળમાં ફસાયેલા આ જાનૈયા બધા ભૂત થયેલા. ઘરમાં રહેતા. તેમાં બીજુ કોઈ જઈ શકતુ નહિ. આ પ્રસંગ બન્યા પછી નજીકના ભવિષ્યમાં અંગ્રેજનું રાજ આવ્યું. તેણે જાહેરાત કરી. ભૂત કાઢે તેને મકાન આપી દેવા. ભાલચંદ્ર શેઠે શ્રીજી મહારાજ પાસે તેવા સંતને મોકલવા પ્રાર્થના કરી. મુક્તમુનિ પધાર્યા ભૂતોનો ઉદ્ધાર કર્યો અને અંગ્રેજોએ તે તમામ મકાનો લખી આપ્યા.

સુરત શહેરમાં આ વાત વાયુ વેગે પ્રસરી ગઈ. કારણ કે સ્વામીની પહેલા તંત્ર-મંત્રના બળે ઘણા સિદ્ધ તાંત્રિકો સરકારની ચેલેંજ ઉપાડી યમરાજના દરબારમાં જઈને ચિત્રગુપ્તના ચોપડામાં પોતાનો હિસાબ કરાવી ચૂક્યા હતા. પણ આ સંતે તો ભૂતોનો ઉદ્ધાર કર્યો. સમ્પ્રદાયની કીર્તિલતા સુરત મહાનગર ને ફરિ વળી અને સત્સંગનો અતિ ઉત્કર્ષ થયો. લોકોએ આ પ્રસંગને ચમત્કાર માનીને નમસ્કાર કર્યા.

ઉમરેઠ : ગુજરાતમાં સંસ્કૃતના જ્ઞાતાઓ માટે એ સમયમાં વડોદરા પછી ઉમરેઠનું નામ હતું. આ ગામમાં મુક્તમુનિ સૌ પ્રથમ પધાર્યા. છ માસ સુધી નિત્ય સંગીતના સથવારે શ્રીજીચરિત્ર અને સદ્‌બોધની સરવાણી વહાવી. વિદ્વાનો વાણીથી અને મુમુક્ષુઓ ચારિત્ર્યથી પ્રભાવિત થયા અને ધીરે ધીરે સત્સંગના રંગમાં રંગાયા. ત્યારબાદ નિત્યાનંદમુનીન્દ્ર પધાર્યા અને પાંડિત્યપૂર્ણ પ્રવચનોથી પ્રબુદ્ધ વર્ગને સંતોષિત કર્યો અને કહ્યું આ બ્રહ્માની સૃષ્ટિમાં મુક્તાનંદસ્વામી જેવા બીજા કોઈ સમર્થ નથી. એતો એક જ છે. પંડિતોની આંખો ફાટી ગઈ. આ એક જુઓ ને એક ભૂલો એવા આ સાધુઓ છે તો સ્વયં સ્વામિનારાયણ કેવા હશે ? ઉત્કંઠાના નિવારણ માટે મહારાજ ઉમરેઠ પધાર્યા છે. આમ ઉમરેઠ જેવા નગરમાં સત્સંગના પાયા નાંખનાર મુક્તમુનિજ હતા. ગોંડળના નરેશ મોતીભાઈને પણ ''મુનિ મુક્તાનંદે પ્રથમ વયમાં તે નૃપતિને, કરાવેલી પોતે પ્રગટ પ્રભુમાં પૂર્ણ રતિને'' એવો ઉલ્લેખ છે.

આમ આવા નાના-મોટા અનેક પ્રસંગોના આધારે મક્કમ સ્વરે કહિ શકાય કે આ સંપ્રદાયના વિકાસમાં શ્રીહરિ પછી સૌથી મોટુ યોગદાન-સમર્પણ-ભૂમિકા હોય તો તે અમારા ગુરૂવર્ય મુક્તમુનિની છે.

## પ્રકાંડ પાંડિત્ય

મુક્તમુનિને પાંડિત્ય પરંપરાગત રીતે પ્રાપ્ત થયેલું. અમરેલીના પ્રતિભાશાળી ચમત્કારિક શક્તિ સમ્પન્ન મહાત્મા મૂળદાસના શિષ્યો પાસે શૈશવકાળમાંજ તેમણે સંસ્કૃત-સંગીત અને ધનુર્વેદમાં સારૂં એવું પ્રભુત્ત્વ મેળવેલું. તેમના પિતાશ્રી શ્રી આનંદરામ પણ કાશીમાં ભણેલા એક વિદ્વાન પુરૂષ હતા. તેમની પાસે પણ તેમણે ખૂબ જ તીક્ષ્ણબુદ્ધિ સાથે અભ્યાસ કરેલો. સમય જતા ત્યાગી થયા. પછી પણ ભુજમાં જઈને પિંગળશાસ્ત્ર-અલંકારશાસ્ત્ર અને સંગીતનો ઉત્તમ અભ્યાસ કરેલો.

સ્વામીના સાહિત્ય પર નજર કરતા સ્પષ્ટપણે કહિ

# શ્રાવણી પુનમ એટલે પ્રેમનું પ્રતિક

– સાધુ ઘનશ્યામજીવન સ્વામી
ગુરુ : મુખ્ય કો. પ.પૂ. શ્રી નિલકંઠચરણદાસજી સ્વામી-વડતાલ

શ્રાવણી પૂર્ણિમાને સમગ્ર ભારતવર્ષ ''રક્ષાબંધન'' તરીકેના પવિત્ર પર્વ તરીકે ઊજવે છે. રક્ષાબંધનની પૌરાણિક કથા ભવિષ્ય પુરાણમાં આ રીતે કહેવામાં આવી છે.

દેવ અને દાનવોનો બાર વર્ષ સુધી મહાસંગ્રામ થયો હતો એમા દાનવોએ ઈન્દ્ર સહિત સર્વ દેવોને જીતી લીધા હતા, પરંતુ ઈન્દ્ર સહિત તમામ દેવો ફરીથી દાનવો સાથે યુદ્ધ કરવા તત્પર થયા તે સમયે ઈન્દ્રાણીએ પોતાના પતિ ઈન્દ્રને રક્ષાબંધન પર્વનો મહિમા સમજાવી રાખડી બાંધી હતી, જેના પ્રતાપથી તેઓ દાનવોને પરાજિત કરી ફરીથી શ્રેષ્ઠ દેવ બની ગયા.

મહાભારતમાં કથા છે કે કુંતાજીએ અર્જુનપુત્ર અભિમન્યુને અમર–રક્ષા બાંધીને તેની કિર્તી પ્રસરાવી હતી.

બલિરાજાએ ભગવાનને સર્વસ્વ અર્પણ કર્યું ત્યારે ભગવાન વૈકુંઠ છોડી તેની અખંડ રક્ષા માટે પાતાળમાં રહ્યા પતિ ચાલ્યા જવાથી લક્ષ્મીને મૂંઝવણ થઈ. શ્રાવણી પૂર્ણિમાએ તેઓ બલિ પાસે ગયા તેને રાખડી બાંધી ''ભાઈ'' તરીકે સ્થાપિત કર્યા બલિએ બહેનને કંઈ માંગવા કહ્યુ ત્યારે લક્ષ્મીજીએ કહ્યું ''ભાઈ ! મારે તો પતિ હોવા છતાં વૈધવ્ય જેવું થયું છે માટે ભગવાન મને આપી દે.

ભગવાન તો બલિની રક્ષામાં વચનબદ્ધ થયા હતા. પરિસ્થિતિ વિકટ થઈ. છેવેટે રસ્તો કાઢયો કે ચાર મહિના બ્રહ્માજી ચાર મહિના શિવજી અને ચાર મહિના વિષ્ણુ બલિની રક્ષામાં રહે. આ પછી ભગવાન વિષ્ણુ અષાઢ સુદ એકાદશી થી કાર્તિક સુદ એકાદશી સુધી પાતાળમાં રહે છે. લક્ષ્મીજી એ બલિને રાખડી બાંધી ત્યારથી રક્ષાબંધન ની શરૂઆત થઈ મનાય છે આવો આત્મીયતાનો સ્નેહ અને અમરતાની શુભ ભાવના પ્રસરાવતો અનેરો ઉત્સવ એટલે રક્ષાબંધનનું પર્વ.

આ દિવસે સૂર્યોદય પહેલા ઊઠીને સ્નાનાદિ બાદ દેવો, ઋષિઓ પિતૃઓનું તર્પણ કરી ચોખા, તલ અને રક્ષા–રાખડી તૈયાર કરાય છે. દેવો બ્રાહ્મણો અને અસ્ત્ર–શસ્ત્રનું સન્માન કરીને પોતાના પૂરોહિત ગુરૂ કે

આદરણીય વ્યકિત પાસે મંત્ર સાથેરાખડી ધારણ કરવાની હોય છે.

આ 'બંધન' થી વ્યકિતનું વર્ષ પ્રસન્નતાથી વીતે છે, આ પર્વ જાણે ઉત્સવત્રિવેણી રચાય છે, બ્રાહ્મણો આ દિવસે નવી યજ્ઞોપવિત (જનોઈ) ધારણ કરે છે. વેપારીઓ સમુદ્રપૂજનનો લાભ લે છે અને બહેન પોતાના ભાઈને રાખડી–રક્ષા બાંધે છે.

સ્વાર્થપીડિત સંસારમાં નિઃસ્વાર્થ સબંધોની અદ્‌ભુત ઘટના ભાઈ–બહેન વચ્ચેના પ્રેમની છે. આપણી સંસ્કૃતિના સ્મૃતિકાર મનુ કહે છે :

'યત્ર નાર્યસ્તુ પૂજયન્તે રમન્તે તત્ર દેવતાઃ !' નારીને આદર એટલે સમાજના ચારિત્ર્યની નકકરતા ભોગદ્રષ્ટિ ફેરવી દરેક સ્ત્રીને સંયમદ્રષ્ટિએ જોવાનો આદેશ રક્ષાબંધન પાછળ છુપાયેલો છે.

પોતાની બહેનને અનિષ્ટ તત્વોથી રક્ષણ નું છત્ર આપવાની બાંહેધરી આપતો ભાઈ આજે બહેન પાસે 'રક્ષા' રૂપે શુભેચ્છાઓ મેળવે છે. ભાઈના લલાટ પર કંકુ અને ચોખા ચોડતી બહેન ભાઈને નિર્મળ બુદ્ધિ અને અણિશુદ્ધ વર્તનને પૂજે છે જાણે ભાઈના મસ્તકે ત્રીજુ લોચન ખીલ્યુ હોય તેવો ચાંદલો અને ચોખાનો દેખાવ ત્રિલોચન શિવની યાદ અપાવે છે, જે લોચનથી શિવે કામવાસનાનું દહન કરી નાખ્યું... માત્ર દ્રષ્ટિ પરિવર્તન નહિ, વૃત્તિ–પરિવર્તનનું આ પર્વ વિશુદ્ધ પ્રેમનું પર્વ બનીને આવે છે. પૂર્વે પોતાની પણ અન્ય દુષ્ટોથી રક્ષા થાય માટે સ્ત્રી પતિને રાખડી બાંધતી, હવે બહેનો પણ અન્ય દુષ્ટોથી અન્ય વિકૃત લોકોથી શીલરક્ષા થાય તે માટે ભાઈને રાખડી બાંધે છે. આ પર્વ સમાજમાં ચારિત્ર્ય શકિતને વધુ મજબુત કરવાનો મર્મ વ્યકત કરે છે. પુરોહિતો નીચેનો શ્લોક ઉચ્ચારતા હૃદયના

આશિર્વાદ ઉચ્ચારે છે.,

**યેન બદ્ધો બલિરાજા દાનવેન્દ્રો મહાબલઃ !**
**તેન ત્વામભિબદનામિ રક્ષે મા ચલ મા ચલ !!**

અર્થ : દાનવરાજ મહાબળવાન બલિરાજા જેના વડે બંધાયેલા રક્ષાયેલો છે તે રક્ષા(રાખડી) થી હું તને (યજમાનને) બાંધુ છું માટે હે રક્ષા(રાખડી) તુ આ વ્યકિતની રક્ષામાંથી ચલિત થતી નહીં, જરાય ચલિત થતી નહિં.

આ તહેવારની ઉજવણી શ્રીજી મહારાજના જીવનમાં પણ જોવા મળે છે. શ્રીજી મહારાજને ઘણા પ્રેમી ભકતો રાખડીઓ બાંધતા કરજીસણના ગોવિંદભાઈને નારદીપુરના નાનાભાઈથી સત્સંગ થયો હતો તેઓને જયારથી સત્સંગ થયો ત્યારથી દર શ્રાવણ માસમાં તે કરજીસણથી સાંઠ ગાઉ ચાલીને મહારાજને રાખડી બાંધવા ગઢડા જતા ત્રણ દિવસે ગઢડા પહોંચી જતા વરસાદને લીધે વાંસના ટોપલા સાથે રાખતા ને વરસાદ પડે ત્યારેતે ઓઢી લેતા શ્રીજી મહારાજ પણ તેઓની રાખડી પ્રેમથી સ્વીકારતા વ્હાલા ભકતો બલીરાજાએ અને કરજીસણના ગોવિંદભાઈએ જેમ આત્મનિવેદન કરી ભકિત કરી લીધી તેમ આપણે પણ ભગવાન અને પોતાના ગુરૂને આત્મસમર્પણ કરીને તેમને રાજી કરી લઈએ એજ છે સાચુ રક્ષાબંધન.



# જન્માષ્ટમી

– સાધુ વિવેકસાગર સ્વામી
ગુરુ : મુખ્ય કો. પ.પૂ. શ્રી નિલકંઠચરણદાસજી સ્વામી-વડતાલ

**નંદ ઘર બજત વધાઈ, સખીરી નંદ ઘર વધાઈ;**
**પ્રેમ નગર ગાવત વ્રજવાસી, આનંદે ઉર ન સમાઈ. ૧**
**જશોમતી જાયો લાલ યુ સુનીકે, વ્રજ વનિતા સબ આઈ;**
**દધિ છંટકત મુખ મંગળ ગાવત, શોભા વરની ન જાઈ. ૨**
**અરસ પરસ દધિ ડાહત, કરત કુતૂહલ ધાઈ;**
**ગુણિજન ગાવત પ્રિય વેદ ધ્વનિ, કરત અધિક સુખદાઈ. ૩**
**ચઢિ વિમાન સુર મુનિ સબ આયે, રહ્યો નભમંડળ છાઈ;**
**મુક્તાનંદ કો નાથ નિરખી સબ, દિનોહેં જગ વિસરાઈ. ૪**

ઉપરોકત પદમાં સદ્શ્રી મુકતાનંદ સ્વામીએ શ્રી કૃષ્ણ જન્મોત્સવની વધાઈનું વર્ણન કર્યું છે.

આજથી પાંચ હજાર વર્ષ પુર્વે દ્વાપર યુગમાં શ્રાવણ વદી અષ્ટમીની મેઘલી અંધારી મધ્ય રાત્રિએ મથુરાની જેલમાં શ્રીકૃષ્ણનારાયણ માતા દેવકીના કૂખે અવતર્યા. અવતરણની સાથે જ ક્રાંતિના પગરણ માંડયા. જન્મતાની સાથે જ આવતા આયોજન અનુસાર વસુદેવજીએ બાલ પ્રભુને ટોપલામાં સુવરાવી નંદ ઘેર જવા તૈયાર થયાં ત્યાં જેલના બારણા વિધાઉટ રીમોલ્ટ ઓટોમેટીક ઓપન થયા. યમુના કિનારે આવ્યા ત્યાં યમુનાજીનો ફલ્લો ઈન્સ્ટન્ટલી અટકી ગયો. તેથી વસુદેવજી સામે કિનારે આવેલ ગોકુળ ગામમાં નંદ બાબાને ઘેર પહોંચ્યા. વસુદેવે બાલલાલાને યશોદાજીની

**પાસે પધરાવ્યા અને યશોદાએ જેને જન્મ આપ્યો હતો તે યોગમાયાને લઈ પરત મથુરાની જેલમાં પધાર્યા.**

આ બાજુ ગોકુળમાં શીતલ, મંદ, સુગંધી, વાયુ લહેરાવા લાગ્યો. વાતાવરણ પવિત્ર બન્યુ સૌના મન નિર્મળ થયા. બાલપ્રભુને થયુ કયારનો આવ્યો છું પરંતુ કોઈ સંભાળ લેતું નથી તેથી મારે મેસેજ આપવો પડશે. આથી બાલ પ્રભુએ રુદન શરૂ કર્યું. શિશુ રુદન સાંભળી યશોદાજી જાગી ગયા. બાલકૃષ્ણને જોઈ રાજી થઈ ગયા. અને ગોદમાં લીધા. આંખમાં આનંદના અશ્રુ આવ્યા. વરસો પછી નંદાલયની હવેલીએ શિશુ રુદન સાંભળ્યુ. કનૈયાને થયું કેવળ માને જગાડીને શુ ફાયદો થયો ? આથી લાલાએ વોલ્યુમ ઓફ ક્રાઈંગ વધાર્યું. જોરથી રડવા માંડયા. આથી નંદબાબાના બહેન સુનંદાને જાણ થઈતો દોડતા યશોદાના ઓરડામાં આવ્યા ને જોયુ તો ભાભીના ગોદમાં બાળક જોયું ભાભી યે કયા ? દેખ સુનંદા, ઠાકુરને કિરપા કરકે લાલો દિયો હૈ. આથી સુનંદા દોડતા ગયા ભૈયા નંદબાબાની પાસે ગૌશાળામાં. ને પુત્ર જન્મની વાત કરી. આથી નંદબાબાએ સુનંદાને હાર ભેટ આપો. પછી સુનંદાએ આખા ગોકુળમાં ગોપીઓ અને ગોવાળીયાને જાણ કરી. આથી વહેલી સવારે સૌ નંદબાબાના આંગણામાં એકઠા થયા. ઢોલી અને શરણાઈવાળા રંગમાં આવીને માંડયા વધાઈના ઢોલ વગાડવા ને શરણાયુના સૂર રેલાવા માંડયા. બાળકો, યુવાનો અને વૃદ્ધ સહુ વ્રજવાસીઓના આનંદનો આજ પાર નથી.


**સહુ વધાઈના ગીત ગાવા લાગ્યા :**
**નંદ ઘેર આનંદ ભયો, જય કનૈયા લાલકી,**
**હાથી ઘોડા પાલખી, જય કનૈયા લાલકી,**
**યશોદાકો લાલ ભયો, જય કનૈયા લાલકી,**
**નંદ ઘેર આનંદ ભયો, જય કનૈયા લાલકી,**

આ રીતે વ્રજવાસીઓ પોતાના અંતરમાં ઉભરાતા આનંદને મંગળ ગીતો ગાઈને વ્યકત કરી રહ્યા. સાથોસાથ એક બીજા માથે ગોરસ અને દહીના દડબાનો અભિષેક કરે છે. વિપ્રો વેદ ધ્વનિના મંગળઘોષ કરે છે. વાતાવરણ દિવ્યતાથી બ્રહ્મભીનું બન્યું છે.

આ બ્રહ્મભીના દિવ્ય વાતાવરણનો આનંદ માંણવા દેવતાઓ પણ વિમાનમાં બેસી આકાશ માર્ગે આવી ગોકુળના ગગન મંડળમાં છવાઈ ગયાછે. બાલકૃષ્ણના દર્શનનો આનંદ માણે છે. મુનીઓ પણ આવી પ્રભુને અંતરમાં ધારે છે. નંદબાબાના ઘેર એકઠા થયેલ નર, નારી, મુનીઓ અને દેવતાઓના બ્રહ્મભીના વાતાવરણમાં જગતના ભાવો વિસરાઈ ગયા આવુ દિવ્ય વાતાવરણ બન્યુ નંદબાબાના ઘેર.


**સાર :**

પ્રભુ ! આપ જન્મ્યા જેલમાં પરંતુ કંઈક જીવોને જગતની જેલમાંથી મુકત કર્યા.
પ્રભુ ! આપ જન્મ્યા અંધારીયા પક્ષમાં પરંતુ કંઈકના જીવનમાં પ્રકાશ પાથર્યો.
પ્રભુ ! આપે રુદન કરીને પણ વ્રજવાસીઓને આનંદના સાગરમાં ડુબાડયા.



# સમજણ સાંપડે સંત થકી...

લેખક - શા. ભજનવલ્લભદાસ
ગુરુવર્ય : પ.પૂ.શાસ્ત્રીજી સ્વામી (ચેરમેન શ્રી વડતાલ ટેમ્પલ બોર્ડ )



ઘોડાઓનો અતિચાહક એક નવયુવાન અલબેલી નગરી મુંબઈની ખ્યાતનામ લાઈબ્રેરીમાં પ્રવેશ્યો. ''ઘોડેસવારી કેમ કરવી ?' પુસ્તક શોધી શાંતચિત્તે અભ્યાસ કર્યો. કાઠિયાવાડના અંતરિયાળ વિસ્તારમાં જઈ કોઈ બાલ દરબાર પાસે જાતવાન ઘોડી માંગી '' જાતવાન ઘોડી જેને તેને સવારી ન કરવા દે.'' દરબારે ટોણો માર્યો. નૉલેજ અને પ્રોપટી અને યૌવનથી મદાંધ બનેલા યુવકે અનુભવી દરબારના બચ્ચાને અલ્પમતિવાળો છોકરડો જાણી ન ગણકાર્યો. ઘોડીના પેગડામાં પગ ભરાવી જ્યાં સવાર થવા જાય ત્યાં ઘોડીએ હણહણાટી કરી પછાડ્યો. કાંટા-કાંકરાને પથરામાં ઘસડી લોહીલુહાણ કર્યો. વગર એક્સિડન્ટે લોહીથી ખરડાયેલા યુવકે ઘોડેસવારી કેમ કરવી ? આ પુસ્તકના લેખને ગાળો ભાંડતા ભાંડતા ક્યારેય ઘોડેસવારી નહિ કરવાની ભીષ્મ પ્રતિજ્ઞા લીધી.

આવી જ કંઈક દશા પોતાની માન્યતામા મશગુલ બનીને આઠોપોર આપમેળે 'સ્વામીની વાતો' અને વચનામૃતના પાના પલટનારાઓની હોય છે. એટલે જ સ.ગુ. શ્રી ગુણાતીતાનંદ સ્વામી કહેતા, 'વચનામૃતની આખી પ્રતુ પણ સત્સંગમાં સહાય નહીં કરે; તે તો પુસ્તક મૂકી મૂકીને પણ ચાલ્યા જાય છે.....'' (પ્ર. ૧, વા. ૮૩) મેડિકલે સાયન્સના પુસ્તકો જાતે ડૉક્ટર બનાવી શકતા નથી. ડૉક્ટર બનવા માટે તો પ્રોફેસરની જરૂર પડે જ છે. તેમ શાસ્ત્રો સદ્વારક સમજણના દાતા નથી. એના માટે તો સદ્‌ગુણમંડિત એકાંતિક સંતની આવશ્યકતા રહે જ છે. માટે શ્રીજી મહારાજ કહે છે. ' નિર્વાસનિક પુરુષ હોય અને જેને ભગવાનને વિષે સ્થિતિ થઈ હોય તેને વચને કરીને જ પમાય પણ ગ્રંથમાં લખી રાખ્યો હોય તેણે કરીને નથી પમાતો. અને કોઈક સાંભળીને તેવીને તેવી વાત

કહેવા જાય તો કહેતા પણ આવડે નહિ. '' (ગ.પ્ર. ૬૦) અર્થાત્ આપમેળે તો સમજણ આવતી નથી, સંત થકી જ આવે છે.

ગઢપુર મંદિરનું કામ ચાલતું હતું કડિયાના પગાર ચડ્યા હતા. મહારાજે શરીરે મંદવાડ ગ્રહણ કર્યો હતો. એવામાં ભગાદોશીએ મહારાજની અણઈચ્છાએ લાડુની રસોઈ કરાવી. મહારાજની ઈચ્છા કડિયાના પગાર માટે પૈસા વાવરવાની હતી. ત્યારબાદ ઉમરેઠના હરિભક્તો મહારાજના દર્શને આવ્યા. મહારાજે ત્રણ ત્રણ વાર વેવાર બાબતે પૂછ્યું અંતે વિરક્તાનંદ સ્વામીને બોલાવી યુક્તિપૂર્વક પરિસ્થતિ જણાવી છતાં હરિભક્તો ન સમજ્યા. એટલે મહારાજ બોલ્યા, સાધુ થકી વાત સાંભળે તેને અમારી મરજી જાણ્યામાં આવે; પણ તે વિના તો કશી ખબર ન પડે. મર સારા હરિભક્ત હોય તો પણ ખબર ન પડે. ''(મ.લી. ૪૦)

ત્યારબાદ ખોલડિયાદના ખેંગાર ભક્ત આવ્યા. મહારાજે તેમને બે વાર વેવાર બાબત પૂછ્યું. એટલે ભગતે સંતો થકી મહારાજની મરજી જાણી સાડા સાતસો રૂપિયા બહારથી ઉછીના લાવી મહારાજ પાસે મૂક્યાને કહે, ત્રણસો કડિયાને પગારના સો સંતોને રસોઈના, બસો તમારી ઔષધના ને બસો તમને યોગ્ય લાગે ત્યાં વાવરજો...મહારાજ શુકસ્વામીને કહે, 'આવી રૂડી સમજણ આવી છે તે સાધુના સમાગમ વિના ક્યાંથી આવે ? ! ''(મ.લી.૪૧) હરિભક્ત તો બંને હતા પરંતુ જે વાત સંતના અભાવે ઉમરેઠના પંડિત ન સમજ્યા તે સંતના પ્રતાપે અભણખેડૂત સમજ્યા ને મહારાજનો રાજીપો મેળવ્યો.

જેને નાનપણમાં પોતાની માતાનું દૂધ અને સંસ્કાર નથી મળ્યા; તેનું જીવન કદાચ બીજી ગમે તેટલી સમૃદ્ધિથી ભરાય તો પણ કંઈક ઓછપ્ય વર્તાય તેમ સત્સંગમાં જન્મતાવેંત અને અંગ બંધાતા જેનેકોઈક સંતનો અંતરનો રાજીપો કે સમાગમ નથી મળ્યો; તે આખી જીંદગી પૂજા-પાઠ કરી, એકાદશી-હરિજયંતિ કરી મોટા-મોટા દાન-ધર્માદા કરે કે મંદિરમાં પૂજારી બની ઠાકોરજીને સેવે છતાં પણ એનામાં કંઈક ઓછપ્ય જરૂર ચાલવાની. ને તે 'શાસ્ત્રમાંથી પણ પોતાની મેળે સમજાય નહિ અને સદ્‌ગ્રંથોમાં આવી વાર્તા તો હોય તો પણ જ્યારે સત્પુરુષ પ્રગટ થાય છે ત્યારે તેમના મુખ થકી જ વાત સમજ્યામાં આવે છે પણ પોતાના બુદ્ધિબળે કરીને સદ્‌ગ્રંથોમાંથી પણ સમજાતી નથી. (ગ.મ.૧૩) શ્રીજી મહારાજે પોતે નજરે જોઈને-અનુભવીને આ વાત કહી છે. મહારાજ બાળલીલા કરતા ત્યારે અયોધ્યામાં દરેક મંદિર જઈ સંત થકી કથા-શ્રવણ કરતા. ગાદીએ આરુઢ થયા પછી મહારાજના દર્શન કરી હરિભક્તો મહારાજ પાસે બેસે ત્યારે મહારાજ તેમને સંતો પાસે મોકલતા....મહારાજના આ ચરિત્રોનું તાત્પર્ય તો સહુ કોઈ સમજી શકે એવું સુગમ છે. મહારાજને નિત્ય દાતણ આપતા આંબાભગત સૂકાયા ને સંતના ચરણસેવક ઠાકોર જીણાભાઈની મહારાજે નનામી ઉપાડી. સંપ્રદાયનો આ ઈતિહાસ સ.ગુ. શ્રી ગુણાતીતાનંદ સ્વામીની આ વાત સિદ્ધ કરે છે..

મહારાજના ભગત કરતા સંતના ભક્ત અધિક છે. (૧/૧૫૯, ૧/૨૧૦)

મહારાજને મુક્તાનંદ સ્વામીને મળેલા રહ્યા ને આજના ચડ્યા. (૩/૩૯)

આમા કારણ સંત થકી મેળવેલી સમજણ છે. તે સમજણના જ પ્રતાપે મહારાજની કૃપાના પાત્ર થવાય છે. સંત વિના આપમેળે માનેલી સમજણ ક્યારેય આગળ કહેલ ઘોડેસવાર જેવી દશા સર્જી આપે છે. સંત થકી પ્રાપ્ત થયેલ સમજણનો અભાવે મહારાજના અલ્પતાનાં દર્શન કરાવે છે. આપમેળે ઓળવેલી આફતને મહારાજની નિષ્ઠુરતાના લેમિનેશનમાં મઢાવે છે. સંત-હરિભક્તમાં દિવ્યપણાને બદલે દોષપણું બરોબરિયાપણું કે તેમના કરતા પોતાને વિષે અધિકપણું મનાય જાય છે. આવી તો અનેક આફતો સર્જે છે સંત થકી પ્રાપ્ત થયેલ સમજણનો અભાવ....

વરતાલ ઓફિસમાં એક નામાંકિત હરિભક્ત મારા પૂ. દાદાગુરુનો ગોઠણ દબાવી બેઠા. મૂર્તિમાં અલમસ્ત રહેતા આ સત્પુરુષે તેની જગમોટાઈ ન ગણકારતા દૂર બેસવા કહ્યું. ત્યારે જૈફ વયના એ હરિભક્ત કહે, ''સ્વામી ! તમે ને હું સરખા જ ને !!!...ત્યારે પૂ.દાદાગુરુએ પૂછ્યું, તમારે દીકરા કેટલા ?'.... ''દેવના દીધેલા ચાર છે... 'હરિભક્તના આ જવાબ પર મહાપુરુષ કહે, દૂર બેસો, મને અડશો નહિ...વહીવટી સત્તાના કેફે ચાર છોકરાના બાપને અષ્ટાંગ બ્રહ્મચર્યને ધારણ કરનારા મૂર્તિમાં મસ્ત રહેતા સમર્થ મહાપુરુષ સાથે બેરોબરિયાપણું લાવી દીધું. સંત થકી પ્રાપ્ત થયેલ સમજણના અભાવે એ હરિભક્તે સંતને દંડવત્ કરવાને બદલે ઘૂંટણ દબાવી બેસવાનું. અપકૃત્યું કર્યું...માન-મોટપ્ય, સત્તા, સંપત્તિ, ઉંમર અને ઉપાધિઓ વિગેરેથી સર્જાતી અરસપરસના સમાગમની તથા સમજણની ખોટ મુમુક્ષુના જીવનમાં કેવી અંધાધૂંધી ઉભી કરે છે. તે સ.ગુ. નિષ્કુળાનંદ સ્વામીની પંક્તિમાં....

**આપ ડા'પણે આખો દિવસ, દુઃખે ભર્યો દોહ્યલો,**
**કહે નિષ્કુળાનંદ અવશ્ય, ખાટ્યો માલ ખોયલો...**

(ચો. ૭/૪)

# સ્નેહગીતા

વિ. સાધુ મુક્તપ્રકાશદાસ ગુરુ : શાસ્ત્રી ધર્મપ્રસાદદાસજી (ખાનદેશી)
શ્રી લક્ષ્મીનારાયણદેવ સંસ્કૃત મહાવિદ્યાલય (વડતાલ)

નિષ્કુળાનંદ સ્વામીએ ભવિષ્યનો વિચાર કરીને શાસ્ત્રનો વારસો આ સત્સંગ સમાજને આપ્યો છે. શાસ્ત્રોની સુવાસ કાયમ માટે લોકોમાં મહેકતી રહે એટલા માટે અનેક શાસ્ત્રો બનાવ્યા છે.

સંસારીઓને સંસાર ઉજ્જડ નહિ, પણ ઉજ્જવળ રહે તેના માટે અલિપ્ત રહેવાનો ઉપદેશ સ્વામીએ સરસ આપેલ છે. શ્રીજીમહારાજનો જીવન મંત્ર છે કે કોઈને ક્યારેય પણ દુભાવવો નહિ, ભગવાનનાં ગમતામાં રહેવું તે પહેલું પગથિયું છે. સંસ્કારી જીવન બનાવવું તે બીજું પગથિયું છે. વિવેકી બનો, વર્તનશીલ બનો એ આ સનાતન ધર્મનો પાયો છે.

ભગવાનનું ભજન કરવાનું બળ મળે, તેના અર્થે પવિત્ર ગ્રંથ સ્નેહગીતા નિષ્કુળાનંદ સ્વામીએ બનાવ્યો છે.

ભગવાનમાં પ્રેમ કેવો હોવો જોઈએ તેની નવલી ભાત સ્નેહગીતામાં નિષ્કુળાનંદ સ્વામીએ લખેલી છે.

''સ્નેહગીતા અદ્‌ભુત શાસ્ત્ર છે.'' ભગવાનમાં ગાઢ પ્રેમ થાય એ આ સ્નેહગીતાનું મૂળ છે. સમગ્ર વિશ્વમાં માનવાને માટે વૈશ્વિક ગ્રંથ છે. સ્નેહગીતા પરબ છે. પરબ પર તો કોઈપણ વ્યક્તિ, કોઈ પણ સંપ્રદાયના માણસો આવી શકે છે. પરંતુ ખરેખર સાચી પ્યાસ હોવી જોઈએ.

પહેલી શરત એ છે કે, આ સત્સંગ છે તે પરબ છે. સાચી તરસ લાગે તો ગમે તેમ કરીને એ ભક્ત સત્સંગમાં લાભ લેવા, કથા સાંભળવા, કીર્તન-ભજન-ગાવા, દેવ દર્શન કરવા દોડતા પહોંચી આવશે. ગોપીઓને સખત પ્રભુ મિલનની પ્યાસ હતી તો તેઓ દોડતા પ્રભુને મળવા પહોંચી ગયા. વચ્ચે ક્યાંય રોકાયા સિવાય પ્રભુ મિલનની તરસ લાગવી જોઈએ.

પ્રેમભાવથી ભગવાનનું ગીત ગાવું તેનું નામ સ્નેહગીતા, સ્નેહગીતા માત્ર ચોપડી નથી, પણ મારા અને તમારા જીવનની ઘટનાઓ છે. જીવન જીવવાની પાઠશાળા છે. ભગવાનમાં પ્રેમ વધારનારી છે.

આઠે પહોર પરબ્રહ્મમાં લીન રહેનારા પરમહંસ નિષ્કુળાનંદ સ્વામી સ્નેહગીતાની શરૂઆતમાં મંગલાચરણ કરે છે. ભગવાનને યાદ કરવાથી આપણું મંગળ થાય છે. વરસોની સાધના પછી જે સ્વામીને અનુભવ થયો તેનો નીચોડ આ સ્નેહગીતા છે.

ભાગવતના દશમ સ્કંધની કથા સ્વામીએ પોતાની આગવી શૈલીમાં પોતાનાં હૃદયના પ્રેમને ગોપીઓને નિમિત્ત બનાવી આ કથા રજૂ કરેલ છે.

**મંગલ મૂર્તિ છે શ્રી મહારાજજી,**
**વ્રજજન વલ્લભ શ્રી વ્રજરાજજી;**
**મેહર મુજ ઉપર કરો એવી આજજી,**
**અંતર ઈચ્છે છે ગાવા ગુણ કાજજી.**

અર્થ :- પરમ કૃપાળુ ધર્મનંદન શ્રીસ્વામિનારાયણ ભગવાનના અતિ અનુગ્રહથી સ્નેહગીતાનો મંગળ પ્રારંભ થાય છે. શુભ સંકલ્પ જાગ્રત થાય છે. એ પણ ઈષ્ટદેવનો જ અનુગ્રહ છે. ભગવાનના માર્ગમાં પગ મૂકવો એ પણ હરિકૃપા વગર સંભવતું નથી.

જન્મજન્માંતરના પૂણ્ય ભેગાં થાય ત્યારે આવા શાસ્ત્રો વાંચવાનો અને સાંભળવાનો લ્હાવો મળે છે. એમાં પણ આ તો સર્વોપરી સર્વઅવતારી સાક્ષાત્ સ્વામિનારાયણના પરમ એકાંતિક બ્રહ્મનિષ્ઠ વૈરાગ્યમૂર્તિ નિષ્કુળાનંદ સ્વામીના મુખેથી ગવાયેલી સ્નેહગીતા છે. આ ગ્રંથ વ્યક્તિને શાંતિ અને સમાજને ગતિ આપવાની ક્ષમતા ધરાવે છે. કથાના પ્રારંભમાં શાસ્ત્રોનું પૂજન કરવામાં આવે છે. શા માટે પૂજન કરીએ છીએ ? ભગવાનના ગુણ ચરિત્રથી ભરપૂર છે તેથી.

સ્નેહગીતાની બે પાંખો છે. શ્રધ્ધા અને ભાવના એ બે પાંખો છે. પક્ષીને પાંખો હોય તો જ તે ઉડી શકે, શ્રધ્ધાથી બુધ્ધિમાં સાચું જ્ઞાન પ્રગટ થાય છે. શ્રધ્ધાથી મન શુધ્ધ થઈ સર્વે પાપનો નાશ કરે છે.

સાક્ષાત્ પરમાત્માની પ્રાપ્તિ પણ શ્રધ્ધા વડે જ થાય છે. ભગવાનને પાવન ચરણોને પામવા માટે ત્રણ વસ્તુની જરૂર પડે છે. ઈષ્ટદેવ પ્રત્યે પ્રીતિ, વિશ્વાસ અને શ્રધ્ધા. જે વ્યક્તિ સાથે આપણને પ્રેમ ભાવ હોય, તો તેનું નામ સાંભળી આપણે તરત તેની પાસે જઈએ છીએ. પોતાના ઈષ્ટદેવમાં કેવી પ્રીતિ કરવી જોઈએ એ શીખવાનો આ ગ્રંથ છે.

નિષ્કુળાનંદ સ્વામી કહે છે.

# સેવાનો મહિમા

વિ. સાધુ ચન્દ્રપ્રસાદ સ્વામી ગુ. પુરુષોત્તમચરણદાસજી (વડતાલ)
શ્રી લક્ષ્મીનારાયણદેવ સંસ્કૃત મહાવિદ્યાલય

વ્હાલા ભક્તો ! આપણા ઉપાસ્ય ઈષ્ટદેવ ભગવાન શ્રી સ્વામિનારાયણે સેવાનો મહિમા બતાવતા આપણી એવી જે જનસમાજને પણ ઉપયોગી થાય એવા સર્વજીવહિતાવહ સંદેશો આપનાર એવી શિક્ષાપત્રીમાં કહે છે કે,

''सेवा मुक्तिश्च गम्यताम्'' શ્લોક-૧૨૧

સેવાથી જ મુક્તિ છે. તેવી જ રીતે ભગવાન શ્રી સ્વામિનારાયણે સેવાનો મહિમા બતાવતા ગઢડા મધ્ય પ્રકરણના ૩૩ માં વચનામૃતમાં સેવાને ખૂબ વખાણી છે.

તેવી જ રીતે આપણા ભારતીય ધર્મશાસ્ત્રોમાં મોક્ષના અનેક સાધન બતાવવામાં આવ્યા છે. જેવા કે વ્રત, તપ, દાન, પક્ષ, સેવા, ભક્તિ વગેરે તેમાં સર્વ શ્રેષ્ઠ સાધન હોય તો તે છે સેવા. સેવાથી દુર્લભ વસ્તુની પ્રાપ્તિ થાય છે.

શાસ્ત્રો કહે છે કે, શૂરવીર, વિદ્વાન અને જે સેવા કરનારો છે તે ત્રણ જણ સુવર્ણના પુષ્પ વાળી પૃથ્વી મેળવી શકે છે. સેવાથી અપ્રાપ્ય ને પ્રાપ્ય બનાવાય છે. સેવાથી બૃહસ્પતિના પુત્ર કહો દૈત્યોના ગુરુ કે જે પોતાના શત્રુ કહેવાય તે શત્રુ પાસેથી પણ સંજીવિની વિદ્યા મેળવી હતી. દૈત્યોના ગુરુ શુક્રાચાર્ય પાસે સંજીવિની વિદ્યા હતી અને દેવોના ગુરુ બૃહસ્પતિ પાસે વિદ્યા ન હતી. દૈત્યો મરે તેને શુક્રાચાર્ય સજીવન કરી શકે, દેવોને બૃહસ્પતિ સજીવન કરી શકતા નહિ. તેથી સર્વ દેવોએ મળીને બૃહસ્પતિના પુત્ર કચને શુક્રાચાર્ય પાસે સંજીવિની વિદ્યા લેવા મોકલ્યા. કચે શુક્રાચાર્ય પાસે આવીને કહ્યું ''હું બૃહસ્પતિનો પુત્ર કચ છું. હું વિદ્યા માટે એક હજાર વર્ષથી બ્રહ્મચર્ય પાળુ છુ માટે મને વિદ્યાદાન કરો. શુક્રાચાર્યે કહ્યું : ''બહુ સારૂ આ મારી ગાયો ચારો અને મારી પુત્રી દેવયાની કહે તે કામ કરો. ગુરુની આજ્ઞાથી કચે પાંચ વર્ષ ગુરુસેવા કરી અને દેવયાની અને ગુરુને પ્રસન્ન કર્યાં. દૈત્યોને ખબર પડી કે ગુરૂ પાસે કચ સંજીવિની ભણવા આવ્યો છે. તે સંજીવિની લઈ જશે તો દેવો આપણો નાશ કરશે માટે ''રોગ અને શત્રુનો ઉગતા નાશ કરવો.'' આવા દુષ્ટ આશયવાળા દૈત્યોએ કચને મારી નાખ્યો અને તેનું માંસ કુતરાં વગેરેને ખવડાવી દીધું. સાંજે ગાયો ઘેર આવી અને કચને ન દેખ્યો તેથી શુક્રાચાર્યે સંજીવિની વિદ્યાનો પ્રયોગ કર્યો. તુરત કચ આવ્યો અને કહ્યું ''મને દૈત્ય પુત્રોએ મારી નાખ્યો હતો છતાં આપની વિદ્યાના પ્રભાવે સજીવન થયો છું.'' વળી બીજે દિવસે કચને પુષ્પો વિણવા મોકલ્યો. ત્યાં દૈત્યોએ કચને દેખ્યો તેથી ફરીને મારી નાખ્યો અને તેની ભસ્મ કરીને શુક્રાચાર્યને મદ્ય સાથે તે ભસ્મ પાઈ દીધી. પછી ફરીને સંજીવિનીનો પ્રયોગ કરીને કચને બોલાવ્યો તેથી કચ પેટમાં બોલ્યો ત્યારે શુક્રાચાર્યે પૂછ્યું ''તુ મારા પેટમાં ક્યાંથી ?'' કચે કહ્યું.

असुरैः सुरायां भवतोऽस्मि दत्तो हत्वा दग्ध्वा चूर्णयित्व च काव्य

અસુરોએ મને મારી, ભસ્મ કરી અને ચૂર્ણ કરીને સુરાની સાથે આપના ઉદરમાં ઉતાર્યો છે. મને આપની કૃપાથી સ્મૃતિ રહી છે. શુક્રાચાર્યો પ્રસન્ન થઈને કહ્યું ''હે કચ ! તું શુદ્ધ, બ્રાહ્મણ છે. બ્રાહ્મણ સિવાય મારા ઉદરમાં કોઈ રહી શકે નહિ તું ખરો વિદ્યાને પ્રાપ્ત છે. હું મારી સંજીવિની વિદ્યા તને આપું છું. તુ મારૂ ઉદર ફાડીને બહાર નીકળીને મને સજીવન કર જો જે કૃતઘ્ની થઈશ નહિ'' આમ કહીને કચને બહાર કાઢ્યો, કચે બહાર આવી ગુરુને સજીવન કર્યા.

આ રીતે કચે દુશ્મન પક્ષના શુક્રાચાર્યને સેવાથી પ્રસન્ન કરીને સંજીવિની વિદ્યા મેળવી હતી.

ભગવાન શ્રી સ્વામિનારાયણે સેવાનો મહિમા બતાવતા શ્રી હરિચરિત્રામૃતસાગરમાં કહે છે કે,

ચોપાઈ :-

'दुःख खि संत कि सेवा जेहा हरि कहे हमकु जोग्य हे तेह ।
दुःखि संत कि सेवा जेहु, लक्ष्मि राधाकुं दुर्लभ तेहु ॥''

સંતની સેવા કરે તેને અતિ ભાગ્યવાન કહેતા. રોગી સંતની સેવા કરે તેને કરોડ મહાપાપ લાગ્યા હોય તો પણ નાશ પામે એમ કહી કોઈ પણ પદાર્થની લાલચ વિના જેઓ સેવાની ભાવનાથી જ સેવા કરે તે ભગવાનના ધામમાં જાય છે એમ કહેતા. લાલચથી સેવા કરે તે ધામને પામે નહી. દુઃખી સંતની સેવા કરે તે ધ્યાનમાં મૂર્તિનો સાક્ષાત્કાર કરે તેનાં કરતાં પણ અધિક છે 'અને દુઃખી સંત ને દેખી તેની ઉપેક્ષા કરે તે ચંડાળથી પણ નીચ છે.'

એમાંય સંતો, ગુરુ તથા ભક્તોની નીચી તથા બદલાની ભાવના વગર નિઃસ્વાર્થ ભાવે સેવા કરે તે એ સેવાથી તો ભગવાન બહુ રાજી થાય છે. તથા સેવાનો મહિમા બતાવતા પોતાની બહેનને ઉપદેશ આપતા સ.ગુ. મુક્તાનંદ સ્વામી પોતાના કિર્તનમાં કહે છે કે... (ક્રમશઃ)

# વાણીના વિષધર

લેખકઃ સાધુ સત્સંગવલ્લભદાસ
ગુરુવર્ય : પ.પૂ.શાસ્ત્રીજી સ્વામી (ચેરમેન શ્રી વડતાલ ટેમ્પલ બોર્ડ )

''દુનિયા જેને ઈયળનો અંત કહે છે તેને બુદ્ધિશાળી સમાજ પતંગીયાની શરૂઆત કહે છે.

ભગવાનના મોટા સત્પુરુષોને મુમુક્ષુના હિતાર્થે કઠોર અને કડવા વચનો બોલવાની છૂટ મળેલ છે. (ગ.અં.૩૪)

નિષ્કુળાનંદ સ્વામી ''કઠણ વચન કહું છુ રે, કડવા કાંકચ રૂપ'' એમ કહીને હોશે-હોશે ચોસઠપદોની રચના કરે છે. ગુણાતીતાનંદ સ્વામી કહેતા'' જ્યારથી પોથી ખોલી છે તે બંધ જ નથી કરી. સાચા સંતો ભગવાનના બળે બોલતા હોય છે. તેમની વાણીએ તેમની સાધનાના પરિણામરૂપ 'અપરાજીત'' શસ્ત્ર હોય છે. કોમળ વાણી અને વાચાળ વિશેષએ તેમની શોભા. વાણી જ્યારે પરમાત્માના ગુણો ગાય છે ત્યારે તે પ્રભુને પ્યારી કીર્તન-ભક્તિ બને છે. ભગવાન અને ભક્તોના મહિમાગાન વિનાની વાણી વાંઝણી લાગે છે.

પ્રસ્તુત લેખમાં કારેલાની કડવાશ નહિ પરંતુ કુણી લાગતી કાકડીની કડવાશ વિશે વાત કરવામાં આવી છે. જેમને મીઠા વચનો બોલીને ધીમું ઝેર આપવાની આદત પડી ગઈ હોય છે; જેઓ ચોકલેટો ખવડાવીને બોખા કરવાનો ધંધો આદરી બેઠા હોય છે. ખરબચડું દેખાતું કારેલું ઔષધ છે; જ્યારે શણગાર સજીને બેઠી કડવી કાકડી મૂખમાં આવતા જ ભાણું બગાડે છે. અયોધ્યામાં મંથરા પણ હોઈ શકે અને લંકામાં વિભિષણ પણ હોઈ શકે એ વાતથી દુનિયા જ્ઞાત છે. મંથરાવૃત્તિના માણસો દેવતાની માફક વાણીનો ઉપયોગ કરતા હોય છે. લજ્જા કે શરમ પણ તેમને રોકતી નથી. ઘણા વ્યક્તિઓ ભેંસની માફક પોદળો મૂકીને જતા રહે છે, અને ઝગડો ત્યાથી હટવાનું નામ નથી લેતો. ''विवादौ नैव कर्तव्य'' જેવા શ્લોકો જોરથી બોલે છે. અને તે શ્લોક સમજાવવા માટે જ વિવાદમાં ઉતરી પડે છે અને તે કલહમાં પોતે જ પ્રમુખપાત્ર ભજવતા હોય છે.

ઝઘડો કે વિવાદ હોય તેમાં નાના કે મોટા કોઈ પણ હોઈ શકે છે; પરંતુ તેમા વધુ પડતો યશ મોટા અને ધનવાનોને આપવો ઘટે, કેમ કે આજે સત્યને પણ મુંગું કરવાની તાકાત પૈસો લઈ બેઠો છે. ક્યારેક આવા ખોટા મદમાં સાચા સંતોનો દ્રોહ થઈ જતા હોય છે. માટે સમ્યક અને હિતપ્રદ વાણી બોલવાનો આગ્રહ સેવવો રહ્યો. ઐતરેય આરણ્યકમાં ઋષિ કહે છે કે...

''या वै दृप्तो वदति यामुन्मत्तः सा वै राक्षसीवाक् ''( ए.आ. ६-७ ) (મનુષ્ય દગ્ધ, ઉન્મત્ત અને ઈર્ષાથી ભરાઈને જે વાણી બોલે છે. તે રાક્ષસી વાણી છે અર્થાત્ તે સમય પુરતો તે રાક્ષસ છે)

બે પ્રકારનો સમાજ હોય છે; પાણી જેવો અને ચોખા જેવો. પાણી ભરેલી ડોલમાંથી એક લોટો પાણી લેવામાં આવે કે તરત જ આજુબાજુથી પાણી ધસી આવે છે. અહીંથી પાણી લેવાયું છે કે નહિ તેનો પણ ખ્યાલ નથી આવતો, ખાડાની તો વાત જ દૂર રહી. જ્યાર ચોખાના ઢગલામાંથીએક તગારૂ ચોખા ભરવામાં આવે કે તરત જ ત્યાં ખાડો પડી જાય છે. બે ચાર મુળદાસજી જેવા મહાત્માઓ તે તરફ દોડે છે, પરંતુ ખાડો ભરાતો નથી, અને અબુધ દુનિયા તે મહાત્માને પાણી જેવા સમાજની જરૂર છે જે એક બીજાને હુફ, પ્રેમ, લાગણી આપે, આદર આપે, પડતાનો ટેકો થાય, વાણી દ્વારા પોષણ આવે, બળભરી ભગવાનની વાતો કરે એવા સદ્સમાજની આજે જરૂર છે. પરંતુ આજે વાક્યુદ્ધ અને ચક્ષુયુદ્ધ એટલી હદ સુધી આગળ વધ્યું છે કે; રક્તપાત વિના કેટલાક સાચા અને ભોળા મુમુક્ષુનું મરણ થાય છે. એવું મરણ કે જેમા સ્મશાન સુધી જવાની જરૂર નથી પડતી.

મુમુક્ષુમંદિર ઉપર આનંદની ધજાઓ ફરવાની હોય છે, ભક્તિના કળશો ચળકવાના જ હોય છે. ત્યારે તેના પર નાખવામાં આવતા વિચારોના વિષને કારણે તેની મુમુક્ષુતા મરી પરવારે છે, અંધ શ્રદ્ધાનો સતત ડોઝ આપી આપીને તેની વિચાર સરણીનો લકવો કરી નાખે છે. ''શ્રદ્ધાના કારણે માણસ તરે છે અને અંધશ્રદ્ધાના કારણે માણસ ડુબે છે. પરિણામે જયા કળશ ચઢવાના હોય છે તેજ સ્થાન ખંડેર થઈ જાય છે પછી તેનો જીર્ણોધ્ધાર ક્યારે થાય શી ખબર ? આવા વાણીના વિષધરોને પંચ મહાપાપ કરતા પણ વધારે પાપ લાગે છે; કેમ કે સૂક્ષ્મરીતે એ પણ એક મહાહિંસાનો ભાગ છે. માણસ માત્રનો એક સહજ સ્વભાવ હોય છે તે ખોટીવાત તરફ હકારાર્થમાં જલદી માથુ હલાવે છે, અને તેની સામે સત્યનો સ્વીકાર કરવા માટે કેટલાય પ્રમાણો માંગતો હોય છે. ક્યા માથુ હલાવવું અને ક્યા નહિ તેનો

વિવેક જાણવા માટે વચનામૃત પંચાળ-૫ અને લોયા -૬ વાચવાની ભલામણ છે.

ભગવાને જાણીને જ જીભમાં હાડકું નથી મૂક્યું કેમ કે ભગવાનને વાણીમાં અકુડતા નહિ પરંતુ મૃદુતા પસંદ છે કોઈની લાગણી ન દુભાય એવું બોલવું તે વાણીનું તપ છે. ''ભાષાશુદ્ધિ માટે પ્રથમ ભાવ શુદ્ધિની જરૂર પડે છે જ્યાં ભાવશુદ્ધિ હોય ત્યાં ક્યારેય વાક્યુદ્ધ ન સંભવે'' પોતાના ''અહમ્''ના પ્રદર્શનમાં કેટલાક વ્યક્તિઓ ભક્તો માટે હલકા, તુચ્છ શબ્દો બોલતા હોય છે, એવા ઝેરીલાજનોને ઓળખવા કઠણ તો ખરૂ ! કેમ કે તેઓ ભગવાનની ચારે બાજુ, આંખો બંધ કરી, ઘાંચીના બળદની માફક એક લયમાં ચક્કર લગાવ્યા કરતા હોય છે, એટલી બધી તો તેમા શિસ્તતા હોય છે. એવી કુત્રિમ શિસ્તતાને જોઈને, ભોળા ભક્તને અતિપ્રાય પૂછે છે ત્યારે તેઓ માણસ મટીને ન્યાયાધીશ બની જતા હોય છે અને એ પણ કઠોર ન્યાયાધીશ. જો કોઈના ગુણગાન કરે તો તેમને કાંઈ ગુમાવવાનું હોતું નથી પરંતુ સાચાના મૂક્ત કંઠે વખાણ કરતા તેમની જીભને ''અહમ્'' આડો આવે છે અને અને અયોગ્ય અલંકારો સજીને પાતળો અભિપ્રાય આપી વાતને વળાંક આપે છે.

બોલતા ઘણાને આવડે છે અને ચુપ રહેતા પણ ઘણાને આવડે છે પરંતુ ક્યારે બોલવું અને ક્યારે ચુપ રહેવું તેજ શીખવાતું બાકી હોય છે. ફાલતું વચન બોલનારની વાણી તેનું સત્વ અને શોર્ય ગુમાવે છે. ભગવાનના ભક્તની વાણી હંમેશા સુખપ્રદજ હોય છે. ભગવાનના ભક્તને આજ્ઞા પાળવાનું અને ભક્તિ કરવાનું તાન વધે એવી વાણી ઉચ્ચરવા વિશે ભાર પૂર્વક વાત કરવામાં આવી છે. (ગ.મ.પ્ર.૧૭)

મિથ્યાવચનોને સત્ય સિદ્ધ કરવા કેટલાય મિથ્યાવચનો બોલવા પડે છે. ખરાબ અને કર્ણકટુ શબ્દો બોલનાર ખુદ પોતાના જીવન ઉપર જ એક કાળી છાપ ઉપસાવે છે. કોઈને બદનામ કરનારને પરિણામે ખુદ જ બદનામી વેઠવી પડતી હોય છે. માણસની સજ્જનતા તેની વાણી પરથી ઓળખાય આવે છે. શબ્દો જ ઝગડો કરાવે છે અને શબ્દો જ સમાધાન કરાવે છે. મનની ગલીમાં શબ્દોની અવર-જવર સતત ચાલ્યા કરે છે. માણસના ગોદામમાં વધુ પડતા શબ્દો રાગ, દ્વેષ, ઉદ્વેગો કાલવતા હોય છે. દરેક શબ્દનું ઉષ્ણતાપમાન હોય છે. શ્રીજી મહારાજ કહે છે વાત કરતી વખતે ભગવાન અને ભક્તોના મહિમાનું બીજ લાવવું. (ગ.મ.-૧૩)

આયુર્વેદમાં જાતજાતના 'વા'નું વર્ણન આવે છે જેમ કે, ''ઢીંચણ વા'' ''એડિનો વા'', સંધિવા વગેરે.... પરંતુ અમુક ''લકવા'', ''ગાયકોને ગાવા'', ''ચોરોને દોરવા'', ''બાળકોને રમવા'',''પંડિતોને ભણાવવા'', ''ચિત્રકારોને દોરવા'', ''સાસુઓને બોલવા'', ''સ્ત્રીઓને રાંધવા'' અને ''બાકીનાને ખાવા'' આવા ''વા'' ઠેર ઠેર દેખાશે. અને અમુક વા અસાધ્ય રોગ જેવા હોય છે જેની દવા આયુર્વેદમાં પણ ન મળે. જેને જાતે સુધારે તો જ સુધરે જેમ કે ''ફાલતુ બકવા'' અને મહારોગ ''ઝઘડવા''

પ્રસંગોપાત ''ઝઘડવા'' ઉપર એક વાત કહેવી યોગ્ય ગણાશે; ''સ્વામિનારાયણ ભગવાન તો સર્વોપરી છે જ . સો વાતની એક વાત. કેમ ? અને કેવી રીતે ? એ વાત પર અત્યારે નથી ઉતરવું. પરંતુ ઘણા લોકો આ વાતનો વિરોધ કરી શ્રીરામ કે શ્રીકૃષ્ણને સર્વોપરી ભગવાન કહે છે. તેમના મતે તે સાચુ હશે કે કેમ તેતો તેઓ જ જાણે અને ભલે ભગવાન માનતા તે વાતનો વિરોધ નથી. શ્રી રામ કે શ્રીકૃષ્ણના પાકાભક્ત હોય તો ઘણું સારું. પરંતુ ફક્ત વિરોધ અને ઝઘડવા માટે જ ઝુંબેશમાં ઉતરી પડતા હોય છે. તેમને મન રામ, શ્યામ કે ઘનશ્યામ ત્રણમાંથી એક પણ નિષ્ઠા પાકી નથી હોતી; ભક્તિ નિષ્ઠા કરતા ઝઘડવાની નિષ્ઠા વધારે હોય છે. તેવા લોકો બેસુરા મૃદંગની માફક બંને બાજુથી ટીપાતા હોય છે, બેસુરો ઘોઘાંટ બંધ નથી કરતા. તેઓએ પ્રથમ પુરુષત્વની પરિભાષા સમજવી જોઈએ તે બરાબર સમજાય જાય, ત્યાર પછી ભક્તની પરિભાષા સમજવી જોઈએ. શાન્તીથી ભજન કરવામાં તેઓ માનતાં જ નથી. શાન્તીથી ઝઘડવામાં માને છે. ચક્રવૃત્તિ વ્યાજની માફક જીવનના અંત સુધી બીજાને નડવું તે જ તેમનો સ્વભાવિક ધર્મ હોય છે. એક કહેવત છે ''ભુંડા સાથે લડાય નહિ અને ભસતા કૂતરા પાછળ દોડાઈ નહિ'' કેમ કે તેઓને તે જ ગમતું હોય છે.

તોતડી જીભ કદાચ ચાલશે પરંતુ તોછડી જીભ તો નહી જ ચાલે.

સત્ય બોલવું, ઓછુ બોલવું, ભગવાન સંબંધી બોલવું, કર્ણકટુ કોઈને દુઃખ લાગે એવું ન બોલવું, પુછ્યા વિના ન બોલવું, પ્રશ્ન પૂછે તો જ જવાબ આપવો, અયોગ્ય પ્રશ્નનો જવાબ ન આપવો, કામ પુરતું બોલવું. બે જણા વાતો કરે ત્યારે વચ્ચે ન બોલવું, મોટાની સામે નમતું મૂકવું, પૂછ્યા વિના નકામી સલાહ ન આપવી, અને સુજ્ઞ જણોની સલાહ લેવી વગેરે બાબતો ધ્યાનમાં રાખવા જેવી.

વાણીમાં જ્યારે સત્યની પ્રાણ પ્રતિષ્ઠા થાય છે ત્યારે તે વાણી મંત્ર બને છે અને એ મંત્રથી ભગવાન પણ આધીન થઈ જાય છે.

# કલિમે સાચો સત્યુગ આયો

લેખકઃ સાધુ નિર્દોષવલ્લભદાસ
ગુરુવર્ય : પ.પૂ.શાસ્ત્રીજી સ્વામી (ચેરમેન શ્રી વડતાલ ટેમ્પલ બોર્ડ )

કળીયુગનું શાસન પૃથ્વીમાં ચોરતરફ પથરાઈ રહ્યું હતું. તેનો ફેલાવો માનવના મનથી માંડીને મુમુક્ષુઓના અંતઃકરણ સુધી ધીરે ધીરે વધતો જ ગયો. સિપાહીથી માંડીને રાજા સુધી અને ગરીબથી લઈને તવંગર સુધી બધાજ તેનો શિકાર બનતા ગયા. અલ્પમતિવાળાથી માંડીને બુદ્ધિશાળીને પણ તેની નજરકેદમાં જ રાખતા હતો. ક્ષુદ્ર તો હલકી ક્રીયા અને આચરણ કરે પરંતુ કળીયુગના પ્રભાવથી શુદ્ધ અને પવિત્ર કહેવાતા તથા ''બ્રાહ્મણો વર્ણાનામ્ ગુરુ'' સમાજના ગુરુ કહેવાતા બ્રાહ્મણો પણ ક્રિયાહિન અને આચારહિન થતા ગયા. રાજાઓ ભોગ વિલાસમાં તલ્લીન થઈ અન્યાયી બન્યા તેમજ ગુરુઓ પણ અધર્મી થઈ શિષ્યને અધર્મને માર્ગે ચલાવવા માંડ્યા હતા.

ત્યાગી તપસ્વીઓની ટોળીઓ વન-વગડો છોડીને ભોળા લોકોને શિષ્ય બનાવી શોષણ કરતા હતા. ભાંગ, ગાંજો અને ચલમની ધૂણી ધખાવીને મહેફિલ જમાવતા હતા. કામણ, ટુંમણ અને મંત્રની મૂઠ નાખી ઘેલી પ્રજાને ભરમાવતા હતા પંડિતો શાસ્ત્રના અર્થ અવળા કરી રમણીને રાધિક કહી, રસિયા થઈ પોતે રમતા હતા એટલે નિષ્કુળાનંદ સ્વામી કહે છે.

**અસત્ય ગુરુએ અવળું બતાવી, દીધો અધર્મ ધર્મ ઠરાવી,**
**રાજા ઉન્મત થઈ અપાર, કર્યો સત્ય ધર્મનો સંહાર.**
**પાપી પાખંડી પરત્રિય હતા, પરદ્રોહી પરધનકું હરતા,**
**ઐસે દુષ્ટ દેખિકે દયાળું, કરિ કરુના ભયે પ્રગટ કૃપાળું.**

ત્યારે પૂર્ણ પુરુષોત્તમ ભગવાન સ્વામિનારાયણ સ્વયં પૃથ્વી પર પ્રગટ થઈ જન્મથી લઈ વન વિચરણના સાત વર્ષ પર્યંત આખા ભારતમાં ફરી જેટલા મુમુક્ષુઓ તથા યોગીઓ પોતાના યોગમાં આવ્યા તેવા હજારો મુમુક્ષુઓને કલ્યાણના સાચામાર્ગે ચાલતા કરીને કલ્યાણ કર્યું. એટલે નિષ્કુળાનંદ સ્વામી કહે છે.

તીર્થ શહેર પુર નગ્ર ગામ રે, ફર્યા જે જે ધરણી પર ધામ રે,
ત્યાં ત્યાં જેણે નિરખ્યા ઘનશ્યામ રે, તે તે પામિયા અક્ષરધામ રે.

બધી જ બાજુ જ્યારે કળીયુગના જ ઢોલ વાગતા હતા ત્યારે શ્રીજી મહારાજે ધીરે ધીરે વાતાવરણને વળાંક આપવા માંડ્યો પોતાના વર્તનથી તેમજ ઉપદેશ આપી લોકોને વિનમ્ર સદાચારી અને નિર્વ્યસની બનાવ્યા. બીજી બાજુ મુમુક્ષુઓના કલ્યાણના દ્વાર ઉઘાડવા માટે ચૌદ લોકમાં પણ ન મળે એવા સ્ત્રી -ધનના ત્યાગી અને ભક્તિથી તરબોળ તથા ભગવાનમાં મસ્ત એવા સાચા એકાંતિક સાધુઓની સમાજને ભેટ આપી.

પૂર્વે ઘણા મોટા મોટા ઋષિ મહર્ષીઓ થયા કે જેઓએ ઘણા યુગો સુધી તપ આદર્યા હતાં. જેથી દેહે કરીને પણ અતિ કૃશ થયા હતા. ચ્યવન જેવા ઋષિ તો બીજાની દેહની નાડીયુંને બંધ કરે એવા હતા. છતા અંતે જાતા સ્ત્રીને પરણ્યા. જ્યારે પરાશરે તો યોગકળા દ્વારા સૂર્ય આડા વાદળા કરી અંધારું કરી મત્સ્યગંધા સાથે સંગ કર્યો. અને સૌભરી જેવા તો અનેકે તપ કર્યા હોવા છતાં શાસ્ત્રનાં પાને લખાઈ ગયા છે. માટે કહેવાય છે.

**નર અમર નારીને સંગે રે, કોઈ રહ્યા નહિ શુદ્ધ અંગે રે...**

જ્યારે બીજી બાજુ શ્રીજી મહારાજના સંતોએ ભગવાન ભજવા માટે પરણેલી સ્ત્રીનો ત્યાગ કર્યો, ઘણાય લગ્નના ફેરા ફરતા ફરતા સાધુ થવા નીકળી ગયા અને ઘણાય ભરયુવાનીમાં સંસાર નાશવંત કરી સાધુ થઈ ગયા. સ્ત્રીનો સંકલ્પ થાય, સ્ત્રીનું લાલ કપડું જોવાઈ જાય તો પણ ઉપવાસ કરી પ્રાયશ્ચિત કરતા.

કહેવાતા મોટા ઋષિઓ સ્ત્રીમાં બંધાઈ જતા જ્યારે ભગવાન સ્વામિનારાયણના બ્રહ્માનંદ સ્વામી જેવા સંત જૂનાગઢની ભરબજારમાં તોફાની અને અતિ કામી એ ઘોડાની પીઠ પર થાપો મારે અને એ ઘોડો નિષ્કામી થઈ જાય. અરે ! પૂર્વે તો દધિચી જેવા ઋષિને મારીને તેના અસ્થિના અસ્ત્ર બનાવી વૃત્રાસુર જેવા અસુરનો વધ કરાતો, જ્યારે શ્રીજી મહારાજના મુક્તાનંદ સ્વામી જેવા સંત પોતાના વર્તન અને વાતોથી જોબનપગી જેવા લુટારાની આસુરીવૃત્તિનો નાશ કરી દે છે. આવા સંતની રીતી શ્રીજી મહારાજે પ્રથમવાર જ પ્રવર્તાવી છે. જે કોઈ જગ્યાએ જોવા પણ મળતી નથી એટલે નિષ્કુળાનંદ સ્વામી કહે છે.

**સંત શુભ ગુણે અતિ ઓપે, કામ ક્રોધ ને લોભ ન લોપે,**
**જે જે રાખી છે સાધુએ રીત, બીજે મળે વિચારો ચિત્ત.**

આવા અનેકાનેક સંતો શ્રીજી મહારાજ પાસે હતા. સમાજમાં રહેતા આવા સંતો શ્રીજી મહારાજની આજ્ઞાથી ગામડે ગામડે તથા ગલીએ ગલીએ ફરી લોકોને સાચુ સમજાવી અધર્મના માર્ગથી પાછા વાળીને સન્માર્ગે ચલાવતા. વ્યસનથી દૂર કરી ધર્મનો સાચો રસ્તો બતાવી ભગવાનનું ભજન કરાવતા હતા. અધર્મી ગુરુઓથી અવળા માર્ગે ચડેલા મુમુક્ષુ જીવો પણ સાચા સાધુઓને જોઈ હૃદય પરિવર્તન કરી આવા સંતો પાસે સમાગમ કરવા આવતા. સ્વામિનારાયણ ભગવાને અને તેમના સંતોએ અસંખ્ય લોકોને સુધારીને કલ્યાણનો માર્ગ મોકળો કર્યો. ત્યારે નિષ્કુળાનંદ સ્વામીએ લખ્યું....

**કોટ ઉઘાડ્યા કલ્યાણના, ભાગ્યના ખોલ્યા ભંડાર,**
**ભુખ લાગી ભૂખ્યા જનની, જગે કર્યો જે જેકાર.૧૨**

પુરુષોત્તમ પ્રકાશ- પ્રકાર-૫૪

ત્યારે અસુર જેવા ખાખી અડબંગા બાવાઓના ગાંજા ચલમના યજ્ઞકુંડો દ્વારા થતા યજ્ઞ બંધ થયા અને જઠરાગ્નિને મદ્યની આહૂતિઓ અપાતિ બંધ થઈ. કારણ પોતાના શિષ્યો અધર્મ છોડી સ્વામિનારાયણના આશ્રિત થયા એવું જાણતા જ ચિપીયાધારીઓ ભગવાન સ્વામિનારાયણના સાધુના દ્વેષી થયા. અને જ્યારે ભેગા

થઈ જાય ત્યારે ખુબ મારતા અને અતિકષ્ટ આવતા. છતાય જીવોના કલ્યાણમાટે અને ભગવાનને રાજી કરવા શ્રીજીના સંતો ક્યારેય પણ ઢીલું મૂકતા નહિ.

દુષ્ટ જેવા માણસની પાછળ પાછળ ફરી તેને સમજાવી તેનો માર ખાઈને તેને સજ્જન બનાવી સત્સંગમાં જોડાવાનો પ્રયત્ન કરતા હતા. એટલે ગુણાતીતાનંદ સ્વામીએ કહ્યું "અને મોર્ય તો ભગવાનને મુમુક્ષુ ખોળતા અને આજ તો ભગવાન મુમુક્ષુને ખોળે છે." (૧/૧૪૩)

કળીયુગના વાવાઝોડામાં અટવાયેલા માણસો મનથી અસ્તવ્યસ્ત થયેલા હોવાથી સાચા સંતને પણ ન કહેવાનું કહેતા અને તેમની સાથે નીચ વર્તન કરતા, છતા સંતો તેના હિતની જ વાત કરતા. એકવાર કોટીયા ગામની સીમમાંથી સંતો પસાર થતા હતા ત્યારે એક હરણ ઝડપથી ભાગી રહ્યું હતું. પાછળ જ મારતે ઘોડે જસા કામળીયા હાથમાં બંધૂક લઈ શિકાર કરવા આવી રહ્યા હતા. પરંતુ સંતોનાં ભગવાં કપડા જોઈ ભડકેલી ઘોડી ઉભી રહી ગઈ અને શિકાર છટકી ગયો. તેથી ક્રોધે ભરાયેલા જસા કામળીયાએ સંતોને ખુબ જ માર્યા. મારીને થાક્યા ત્યારે સંતોએ કહ્યું તમારી હિતની વાત કરવી છે. જસા કામળીયાને આશ્ચર્ય થયું. આટલા માર્યા છતા મારા હિતની વાત ! પછી સંતોએ તેમને સમજાવ્યા. ક્ષત્રિયનો ધર્મ રક્ષા કરવાનો છે. અને આવી હિંસા કરવાનું ફળ જમપુરીના દુઃખનું વર્ણન કરી બતાવ્યું ત્યાં તો જસાનું હૃદય કાંપી ઉઠ્યું. થરથર ધ્રુજવા લાગ્યા અને માફી માંગી. પછી તો પાકા સત્સંગી થયા. અને ભગવાનના એકાંતિક ભક્ત થયા અને ગામમાં મંદિર બંધાવ્યું.

શ્રીજી મહારાજે તથા સંતોએ બ્રાહ્મણથી માંડીને ક્ષુદ્ર સુધીના દરેક જાતીના લોકોને ભગવાનના એકાંતિક ભક્ત બનાવી ભગવાનની એકાંતિકી ભક્તિ કરતા કર્યા છે. શ્રીજી મહારાજે ગોવાભંગી જેવા ભંગીને પણ ભક્ત કર્યા. અને વાઘરીના પણ આચરણ આહાર સુધારી આધ્યાત્મિક સ્તર ઉચા કરી વૈષ્ણવ જેવા કર્યા. તથા સગરામ જેવાને પણ સગરઋષિ કરતા પણ શ્રેષ્ઠ કરી દીધા.

પૂર્વ થયેલા રામાવતાર શ્રીરામે સ્વયં રાવણ સાથે યુદ્ધ કરીને તેણો સંહાર કરીને તેનું કલ્યાણ કર્યું. શ્રીકૃષ્ણે પણ બકાસુર અઘાસુર કંસ, પુતના, શિશુપાલ, ઈત્યાદિક ઘણાય અસુરને જાતે માર્યા ત્યારે કલ્યાણ થયું. જ્યારે સર્વોપરી, સર્વાવતારી ભગવાન શ્રી સ્વામિનારાયણના અડગ નિશ્ચયવાળા અને એકાંતિક સ્થિતિને પામેલાએવા અગત્રાઈના ભીમભાઈને ખેતરમાં કીડીનું દર જોઈને સંકલ્પ થયો જે મારું તો કલ્યાણ થઈ ગયું છે પણ આ અનંત જીવો છે તેનું કલ્યાણ કેવી રીતે થશે ? એટલામાં તો અનંત વિમાન આવ્યા. અને બધા જ જીવ અક્ષરધામમાં ગયા. શ્રીજી મહારાજના એક સાધુમાં તથા એક એક હરિભક્તમાં એવી સામર્થી હતી કે જેઓ ઘોર કળીમાં પણ સંકલ્પ માત્રે કરીને અનેક જીવોના કલ્યાણ કરવા સમર્થ હતા. અને એટલે જ શ્રીજી મહારાજ પણ કહેતા જે અમારા હરિભક્તના હાથનું જમશે, પાણી પીશે તેનું પણ કલ્યાણ અમે કરીશું. નહિતર તો સત્યુગના તપસ્વીઓ તપ કરીને નીચોવાઈ જતા છતા કલ્યાણની કિરણ પણ પામતા નહિ, જ્યારે આવા સમયમાં હરિભક્તો દ્વારા પણ કલ્યાણ કર્યાં. એટલે નિષ્કુળાનંદ સ્વામી કહે છે :-

**કલિજુગનું રાજ્ય કાઢિયું, સતજુગ વરતાવ્યો સોય,**
**શુદ્ધ ધર્મમાં સહુ રહે, અશુદ્ધ ન આચરે કોય. ૧૩**
(પુરુષોત્તમ પ્રકાશ, પ્રકાર-૫૩)

પૂર્વે તો એક પ્રહ્લાદ, એક અંબરિષ એવા આંગળીના ટેરવે ગણી શકાય એટલા જ ભક્તો થયા, જ્યારે આજે તો આ સત્સંગમાં અનંત અંબરિષ અને અનંત પ્રહ્લાદજી જેવા ભક્તો છે.પૂર્વે શ્રીકૃષ્ણે કેટલું જ્ઞાન કર્યું ત્યારે એક ઉદ્ધવજીએ ત્યાગ કર્યો. જ્યારે આજે તો વીશ વીશ વર્ષના સંસાર મૂકીને આવી જાય છે. ભાગવત્ મહાભારત, પુરાણ ઈત્યાદિક શાસ્ત્રમાં તો કોઈ સ્ત્રી ત્યાગી થઈ એવું સાંભળવામાં જ આવ્યું નથી અને કોઈ સ્ત્રીએ કલ્યાણ કર્યું એવું પણ નથી આવતું. જ્યારે આજે આવા કળીયુગમાં પણ હજારો બાઈઓ ત્યાગી થાય છે અને કેટલાયના કલ્યાણ કરી ભગવાનના એકાંતિક ભક્ત કર્યા.

આજની આ ૨૧મી સદીમાં એકશન, વ્યસન અને ફેશનના જમાનામાં તથા લાંચ રુશ્વત તેનાથી થતા અન્યાય, વ્યભિચાર, જુગાર, ઈત્યાદિક, વસ્તુઓ સામાન્ય બની છે ત્યારે આજે પણ સ્ત્રી ધનના ત્યાગી એવા સાચા સાધુઓ ગામડે ગામડે તથા શહેરોમાં વિચરણ કરી મુમુક્ષુઓને બાળસભા, યુવાસભા ગામડે ગામડે તથા શહેરોમાં વિચરણ કરી મુમુક્ષુઓને બાળસભા, યુવાસભા ઈત્યાદિક સભાઓ કરી તેમજ અનેક પરંપરા મુજબ ચાલતા ઉત્સવો કરીને મોક્ષમાર્ગનું ભાથુ ભરી આપે છે. ઈન્ટરનેટના જમાનામાં ભ્રષ્ટવાડો હોવા છતા નેટ દ્વારા મંત્રલેખન તેવી વ્યવસ્થા કરે છે તેમજ શિક્ષણમાં પણ ગુરુકુલ દ્વારા બાળપણથી જ વિદ્યાભ્યાસની સાથે સંસ્કાર તેમજ ભક્તિના માર્ગે ચાલી શકાય તેવા અનંત પ્રકારના ઉપાયો કરીને માત્ર આવા કળીયુગથી બચી ભગવાનના માર્ગે ચાલી સદાચાર શુદ્ધ થઈ એકાંતિક બની શકાય તેના માટે પ્રયત્નો કરે છે. સાચા સાધુને અનંત પ્રકારના કષ્ટ સહેવા પડે છે, માન-અપમાન સહન કરવા પડે છે છતાય તેનું સહન કરીને જીવને ભગવાનના શરણ સુધી પહોંચાડી દે છે.

પૂર્વે તો બે-ત્રણ ભક્તને જ ભગવાન તેડવા આવ્યા હતા જ્યારે આવા હળાહળ કળીયુગમાં પણ સાધુનો સમાગમ કરી કરીને સત્સંગીના ઘરોઘર શ્રીજી મહારાજ અંતકાળે તેડવા આવે છે ને એ ભક્ત પણ ડંકો વગાડીને કહે છે શ્રીજી મહારાજ મને તેડવા આવ્યા છે ને હું જાવ છું એવું જાહેરમાં બોલીને દેહે છોડી ભગવાનના ધામમાં જાયછે.

એટલે શ્રીજી મહારાજ કહે છે "જ્યારે ઘણાક મનુષ્ય ભગવાનના એકાંતિક ભક્ત થયા છે ત્યારે કળિયુગને વિશે પણ સત્યુગ થાય છે."



અને એટલા માટે દેવાનંદ સ્વામી કહે છે અને આજે પણ કહેવું જ પડે કે,



"કલી મે સાચો સત્યુગ આયો"


# સંસ્થા સમાચાર

## વડતાલ ધામને આંગણે ગુરુપૂર્ણિમા મહોત્સવ -૨૦૧૧

ભારતીય વૈદિક સંસ્કૃતિમાં અધ્યાત્મ માર્ગે ચાલતા મુમુક્ષુ સાધકને માટે અધ્યાત્મ પથના ભોમીયા એવા ગુરુનો મહિમા અપરંપાર વર્ણવવામાં આવ્યો છે. તેથી પ્રભુમાં પ્રીત કરાવનાર મુમુક્ષુને પોતાના જીવનમાં ગુરુનું સ્થાન મહત્વનું હોય છે. ગુરુ પ્રત્યેનો ભાવ વ્યકત કરવા અને ઋણમાંથી મુકત થવાના પ્રયાસરૂપે ગુરુપૂર્ણિમાના દિવસે શિષ્ય પોતાના ગુરુનુ પૂજન કરી ભાવના વ્યકત કરે છે. ભારતીય સંસ્કૃતિની આ પરંપરા અનુસાર શ્રી વડતાલ સંસ્થાનને આંગણે ટેમ્પલ બોર્ડ વતી મુખ્ય કોઠારી શ્રીનિલકંઠચરણદાસજી સ્વામીના આયોજનથી ગુરુણાં ગુરુઃ એવા સર્વાવતારી શ્રી હરિકૃષ્ણ મહારાજના સાનિધ્યમાં ગુરુપૂર્ણિમા મહોત્સવ અષાઢ સુદ-૧૫ને ૧૫-૦૭-૧૧ના રોજ ગુરુપૂર્ણિમાં મહોત્સવ ઉજવવામાં આવ્યો હતો.જેમાં વડતાલ પિઠાધિપતિ પ.પૂ.ધ.ધુ. ૧૦૦૮ આચાર્યશ્રી રાકેશપ્રસાદજી મહારાજે પ્રાતઃકાળે આરાધ્ય સ્વરૂપ શ્રીહરિકૃષ્ણ મહારાજ નું પૂજન કર્યું હતું ત્યારબાદ વડતાલ મંદિરના મુખ્ય કોઠારી શ્રીનિલકંઠચરણદાસજી સ્વામીએ ગુરુમહિમા વિષે સુંદર કથા કરી ગરુ અને શિષ્યનો સંબંધ સમજાવ્યો હતો ત્યારબાદ ચેરમેનશ્રી ઘનશ્યામપ્રકાશદાસજીસ્વામી, પ.પૂ.સ.ગુ.શ્રી બાલકૃષ્ણદાસજી સ્વામી (મેમનગર),પ.પૂ.સ.ગુ.શ્રી ધર્મપ્રિયદાસજીસ્વામી (ધંધુકા), પ.પૂ.સ.ગુ. શ્રીનૌતમપ્રકાશદાસજી સ્વામી, પ.પૂ.સ.ગુ.શ્રી હરિપ્રિયદાસજી સ્વામી (વેડરોડ), પ.પૂ.સ.ગુ.શ્રી ભકિતકેશવદાસજી સ્વામી (નાહિયેર), પ.પૂ.સ.ગુ. શ્રી દેવનંદનદાસજી સ્વામી (જૂનાગઢ), પ.પૂ.સ.ગુ.શ્રી કે.પી. સ્વામી (વડોદરા-વાડી), પ.પૂ.સ.ગુ.શ્રી હરિકેશવદાસજી સ્વામી (રામપુરા), પ.પૂ.સ.ગુ.શ્રી હરિકેશવદાસજી સ્વામી (ધોલેરા), પ.પૂ.સ.ગુ. શ્રી વિશ્વવલ્લભદાસજી સ્વામી (રૂસ્તમબાગ), પ.પૂ.સ.ગુ.શ્રી શ્રીરંગદાસજી સ્વામી (વડોદરા ગોત્રી),પ.પૂ.સ.ગુ.શ્રી પુરુષોત્તમચરણદાસજી સ્વામી (વિદ્યાનગર) વગેરે ધામોધામથી સંતો-મહંતો તથા દેશોદેશના હરિભકતો પધારી ગુરુપદે બિરાજમાન આચાર્યશ્રી રાકેશપ્રસાદજી મહારાજનું પૂજન કરી પ્રવચન દ્વારા ગુરુભાવ વ્યકત કર્યો હતો. પૂજય મહારાજશ્રીએ પણ શ્રીહરિકૃષ્ણ મહારાજ ના પ્રસાદીમય ચંદન વડે સંતોની પૂજા કરી દિવ્ય ભાવના વ્યકત કરી હતી ત્યારે વાતાવરણમાં દિવ્યતા પ્રસરી હતી.




**નૂતન વર્ષના કેલેન્ડર** શ્રીહરિકૃષ્ણ મહારાજ તથા લક્ષ્મીનારાયણદેવની મૂર્તિઓ વાળા પ્રકાશિત કરવામાં આવશે. જેમણે પોતાના વ્યાપાર-ધંધાની જાહેરાત છપાવવી કેલેન્ડર બનાવવા હોય તેમણે તા.૧/૧૦/૨૦૧૧ સુધીમાં જાણ કરવી.

ફોન. ૦૨૬૮-૨૫૮૯૭૨૮-૨૫૮૯૭૭૬

# વડતાલધામને આંગણે
# હિંડોળા ઉદ્‌ઘાટન સમારોહ ૪૬મો જન્મદિવસ

જેનાથી પોતાની દિવ્યતા અને ભવ્યતા સમાયેલી છે એવા સર્વાવતારી શ્રી હરિકષ્ણ મહારાજ એવા સંતોના અપરંપાર મહિમાથી યુકત જેમનુ અંતર છલકાઈ રહયુ છે તથા નિખાલસતા–નિદોષતા–સરળતા જેવા અનેક ગુણોથી શોભાયમાન જીવન વ્યતિત થઈ રહયુ છે તેમજ અનેક હરિભકતોના અંતરમાં દિવ્યતાનુ સ્થાન લીધુ છે એવા વડતાલ પીઠાધિપતિ પ.પૂ.ધ.ધૂ.૧૦૦૮ આચાર્યશ્રી રાકેશપ્રસાદજી મહારાજનો ૪૬મો જન્મોત્સવ તથા હિંડોળા ઉદ્‌ઘાટન સમારોહ સર્વાવતારી ભગવાનશ્રી સ્વામિનારાયણની પૂર્ણ કૃપાથી તથા વડતાલ ટેમ્પલ બોર્ડ વતી મુખ્ય કોઠારીશ્રી નિલકંઠચરણદાસજી સ્વામીના આયોજનથી શ્રી સ્વામિનારાયણ મંદિર વડતાલને આંગણે શ્રાવણ સુદ ૬/૭ને તા.૫–૮–૧૧ના રોજ સાંજે ૫ થી ૮ કલાક દરમ્યાન ઉજવવામાં આવ્યો હતો. આ પ્રસંગે પ.પૂ.શા.વિશ્વવલ્લભ સ્વામી(રૂસ્તમબાગ)એ કથા કરી હતી.આ પ્રસંગે ચેરમેનશ્રી ઘનશ્યામપ્રકાશ દાસજી સ્વામી તથા મુખ્ય કોઠારીશ્રી નિલકંઠચરણદાસજી સ્વામી,પ.પૂ.શા.શ્રીમાધપિયદાસજી સ્વામી ( છારોડી) , પ.પૂ.સ.ગુ. નૌતમ પ્રકાશ દાસજી સ્વામી(સ.મ.પ્ર), પ.પૂ.સ.ગુ. ધર્મપ્રિયદાસજી સ્વામી(ધંધૂકા), પ.પૂ.સ.ગુ. બાલકૃષ્ણદાસજી સ્વામી(ફરેણી), પ.પૂ.સ.ગુ. વિષ્ણુપ્રકાશદાસજી સ્વામી(કૂબેરનગર), પ.પૂ.સ.ગુ. હરિપ્રિયદાસજી સ્વામી (વેડરોડ), પ.પૂ.સ.ગુ.નારણપ્રિયદાસજી સ્વામી(ભાવનગર), પ.પૂ.સ.ગુ.ભાનુપ્રકાશદાસજી સ્વામી (ડાકોર), પ.પૂ.સ.ગ.લક્ષ્મીપ્રસાદદાસજી સ્વામી (ડભાણવાળા), પ.પૂ.સ.ગુ. બાલકૃષ્ણદાસજી સ્વામી (મેતપૂર), પ.પૂ.સ.ગ. ધમપ્રસાદદાસજી સ્વામી(વડતાલ), પ.પૂ.સ.ગ.ભકિતતનયદાસજી સ્વામી(ઘેલાકાંઠે ગઢપુર), પ.પૂ.સ.ગુ.ભકિતકેશવદાસજી સ્વામી(નાહિયેર), પ.પૂ.સ.ગુ.વિષ્ણુપ્રસાદદાસજી સ્વામી(બોટાદવાળા), પ.પૂ.સ.ગુ. ભાનુ પ્રસાદદાસજી(લાઠીદડ), પ.પૂ.સ.ગુ.હરિકેશવદાસજી સ્વામી (રામપુરા) પ.પૂ.સ.ગુ.દેવનન્દનદાસજી સ્વામી (જુનાગઢ), પ.પૂ.સ.ગુ.ભાનુપ્રકાશદાસજી સ્વામી (પોરબંદર) પ.પૂ.સ.ગુ.ભગવદચરણદાસજી સ્વામી (જામજોધપુર), પ.પૂ.સ.ગુ.હરિકૃષ્ણ દાસજી સ્વામી(લોજ), પ.પૂ.સ.ગુ.હરિકેશવદાસજી સ્વામી (ધોલેરા), પ.પૂ. સ.ગુ.આનંદસ્વરુપદાસજી સ્વામી(વડિયા), પ.પૂ.સ.ગુ. નારણપ્રિયદાસજી સ્વામી (કાલવાણી), પ.પૂ.સ.ગુ.ચંદપ્રકાશદાસજી સ્વામી(રાજકોટ), પ.પૂ.સ.ગુ.ભકિતપ્રકાશદાસજી સ્વામી (હરિયાળા), પ.પૂ.સ.ગુ.નીર્લેપસ્વરુપદાસજી સ્વામી (બોરસદ), પ.પૂ.સ.ગુ. ધર્મવિહારીદાસજી સ્વામી(ઢસા), પ.પૂ.સ.ગુ. કૃષ્ણ વલ્લભદાસજી સ્વામી(ખંભાત), પ.પૂ.સ.ગુ.ભગવદસ્વરુપદાસજી સ્વામી(ડભાણ), પ.પૂ. સ.ગુ. નારણ પ્રસાદદાસજી સ્વામી (ઉધના) , પ.પૂ.સ.ગુ.હરિમુકુંન્દદાસજી સ્વામી(કલાલી), પ.પૂ.સ.ગુ.અખીલસ્વરુપદાસજી સ્વામી(કુંડળ), પ.પૂ.સ.ગુ.પુરુષોતમચરણદાસજી સ્વામી(વિદ્યાનગર), પાર્ષદવર્યશ્રી ભાસ્કરભગત(સાળંગપુર) વિગેરે ધામો ધામથી વિશાળ સંખ્યામા સંતો તથા વડતાલ ટેમ્પલ બોડના સભ્યશ્રીઓ તથા અનેક હરિભકતો ઉપસ્થિત રહયા હતા. આ પસંગે સવોએ પૂજય આચાય મહારાજ પત્યેની પોતાના અંતરની ભાવનાઓ પ્રવચન તથા વિવિધ પ્રકારના સૂકામેવા તથા પૂષ્પોના હાર દ્વારા પૂજન કરી વ્યકત કરી હતી તેમજ હજારો સંતો–ભકતોની મધ્યમા પૂજય આચાર્ય મહારાજશ્રીની સાથે ચેરમેનશ્રી તથા મુખ્ય કોઠારી સ્વામીએ કેક કાપી દીવડાઓ પ્રગટાવી ૪૬મો જન્મોત્સવની ઉજવણી કરી હતી. ત્યારબાદ પૂજય આચાર્ય મહારાજશ્રી તથા વડીલ સંતોના વરદ્‌ હસ્તે હિંડોળાનું ઉદ્‌ઘાટન કરવામા આવ્યુ હતું.






વડતાલ પીઠાધિપતિ પ.પૂ.ધ.ધૂ. ૧૦૦૮

આચાર્ય શ્રી રાકેશપ્રસાદજી મહારાજનો

# ૪૬ મો જન્મોત્સવ

# વડતાલધામને આંગણે ભવ્ય હિંડોળા ઉત્સવ ઉદ્‌ઘાટન સમારોહ








## મેતપુરમાં હિંડોળા સુવર્ણ મહોત્સવ

શ્રી સ્વામિનારાયણ મંદિર  મેતપુરમાં પ.પૂ.ધ.ધૂ. આચાર્યશ્રી રાકેશપ્રસાદજી મહારાજ ના શુભ આશિર્વાદ અ.નિ. સ.ગુ.શા.કૃષ્ણજીવનદાસજી મેતપુરવાળાના દિવ્ય આશિષ તેમજ શા.બાલકૃષ્ણદાસજી સ્વામીની પ્રેરણા અને સ્વા.ગોવિંદપ્રસાદદાસજીના માર્ગદર્શન હેઠળ હિંડોળા સુવર્ણ મહોત્સવનું આયોજન કરવામાં આવ્યું હતું. મેતપુર સત્સંગ સમાજ દ્વારા ઝવેરાત તથા થરમોકોલના સુંદર હિંડોળા બનાવવામાં આવ્યા હતા.આ હિંડોળાનું ઉદ્‌ઘાટન તા.૦૭-૦૮-૧૧ શ્રાવણ સુદ-૯ ને રવિવારના રોજ સાંજે ૫:૦૦ કલાકે પ.પૂ.મોટા લાલજીશ્રી સૌરભ પ્રસાદજી મહારાજે પોતાના વરદ્‌હસ્તે કરી સત્સંગ સમાજ ને આશીર્વચનનો લાભ આપ્યો હતો.












# વિદેશ સમાચાર

શ્રી સ્વામિનારાયણ મંદિર ગ્રાન્ડપ્રેરી - ડલાસ-(USA) ના ૨૦ વર્ષ પૂર્ણ થતા હોય સર્વાવતારી ભગવાન શ્રી સ્વામિનારાયણની પૂર્ણ કૃપાથી તથા વડતાલ પિઠાધિપતિ પ.પૂ.ધ.ધુ. ૧૦૦૮ આચાર્યશ્રી રાકેશ પ્રસાદજી મહારાજના આર્શીવાદથી તથા  હરિપ્રસાદદાસજી સ્વામી (ધોલેરા) તેમજ હરિવલ્લભદાસજી સ્વામી એવં કમિટીના સભ્યોના આયોજનથી વિશાબ્દી મહોત્સવ ૧૯ જૂન થી ૨૫ જૂન ૨૦૧૧ સુધી ઉજવવામાં આવ્યો હતો.આ મહોત્સવમાં વડતાલ પિઠાધિપતિ પ.પૂ.ધ.ધુ. ૧૦૦૮ આચાર્યશ્રી રાકેશ પ્રસાદજી મહારાજ સંત મંડળ સાથે પધારી દર્શન-આશિર્વચન તેમજ પધરામણીઓ નો લાભ આપ્યો હતો. આ મહોત્સવમાં શ્રીમદ દશમ સ્કંધ સપ્તાહ, ૨૦ કુંડી શ્રીહરિયાગ,અન્નકૂટ , મહાઅભિષેક, કૃષ્ણ જન્મોત્સવ, માખણ લીલા,ગોર્વધન ઉત્સવ, રાસોત્સવ,શોભાયાત્રા વગેરે કાર્યક્રમો રાખવામાં આવ્યા હતા. શ્રીમદ ભાગવત્‌ના દશમ્ સ્કંધ સપ્તાહ પારાયણના વકતાપદે આરૂઢ થઈ કથાનુ રસપાન કરાવ્યું હતું. આ મહોત્સવનો લાભ ન્યુજર્સી, ન્યુયોર્ક, એટલાન્ટા, કોલિફોર્નિયા, ઓસ્ટીન, હ્યુસ્ટન, લબક લુઝીયાણા,શિકાગો,ફલોરિડા,સાનહોઝે વગેરે જુદા જુદા ચેપ્ટરોમાંથી હરિભકતો પધારી મહોત્સવનો લાભ લીધો હતો.















શ્રી સ્વામિનારાયણ મંદિર ન્યુજર્સી-(USA) માં બિરાજતા શ્રી ઘનશ્યામ મહારાજનો ૭મો વાર્ષિક પાટોત્સવ ઉજવવામાં આવ્યો હતો. આ પાટોત્સવ પ્રસંગે વડતાલ પિઠાધિપતિ પ.પૂ.ધ.ધૂ ૧૦૦૮ આચાર્યશ્રી રાકેશપ્રસાદજી મહારાજ સંત મંડળ સાથે પધાર્યા હતા. આ પાટોત્સવ પ્રસંગે પૂ.આચાર્ય મહારાજશ્રીએ આયોજકો, યજમાનો તેમજ ભકતજનોને આશીર્વાદ આપ્યા હતા તથા હરિભકતોને ઘેર પધરામણીઓ કરી હતી.



**ગ્રાહકો માટે ખાસ નોંધ**


શ્રી વડતાલધામ સત્સંગ માસિકના જે  ગ્રાહકોના સરનામા બદલાયા હોય અથવા બદલવાના હોય તેમણે જે તે સમયે માસિક કાર્યાલય પર રૂબરુ,પત્ર અથવા ફોન પર સંપર્ક કરી દર મહિનાની તા-૩૦ સુધીમાં ગ્રાહક નંબર જણાવી સુધારો કરાવવો. જે  ગ્રાહકોનું વાર્ષિક લવાજમ પુરુ થતું હોય તેમણે  આગળના અંક મેળવવા માટે  સત્વરે લવાજમ ભરી દેવું.

# માસિક ભેટ નામાવલિ
## જુલાઈ - ૨૦૧૧

| | | |
|---|---|---|
| ૧૦૦૦ | શ્રીમતી ક્રિષ્ણાબેન જગદીશભાઈ પટેલ - નડિયાદ | શ્રીલક્ષ્મી./શ્રીહરિકૃષ્ણમહારાજની પ્રસન્નાર્થે |
| ૧૦૧ | શ્રી નિતેશભાઈ વાસુદેવભાઈ પંચાલ - વડોદરા | મકાનનો ઉપરનો માળ બનાવ્યો તે નિમિત્તે |
| ૧૦૧ | શ્રી ઘનશ્યામભાઈ જશભાઈ પટેલ - વિરપુર | પૂજ્ય પિતાશ્રી ૮૨મા વર્ષમાં પ્રવેશ્યા તે નિમિત્તે |
| ૨૦૧ | શ્રી અશોકભાઈ ઈશ્વરભાઈ પટેલ - વડતાલ | ચિ. હાર્દિકને કેનેડા સ્ટેટ પરમીટ મળ્યુ તે નિમિત્તે |
| ૧૦૧ | શ્રી મધુસૂદન પૂનમચંદ પટેલ - ગોધરા | શ્રી લક્ષ્મીનારાયણ દેવની પ્રસન્નાર્થે |
| ૧૧૧ | શ્રી શનીલાલ પરસોત્તમદાસ પટેલ - ગોધરા | શ્રી લક્ષ્મીનારાયણ દેવની પ્રસન્નાર્થે |
| ૧૦૦૧ | શ્રીમતી ક્રિષ્ણાબેન જગદીશભાઈ પટેલ - અમદાવાદ | વડતાલવાસી શ્રી હરિકૃષ્ણ મહારાજની પ્રસન્નાર્થે |
| ૧૦૧ | શ્રી પાવનકુમાર તુષારભાઈ પટેલ હ. પા. દિનુભગત એ. સડથલાવાળા - નડિયાદ | નવી ગાડી લાવ્યા તે નિમિત્તે શ્રી લક્ષ્મી.દેવની પ્રસન્નાર્થે |
| ૧૦૦ | શ્રી કનકરાય વાલમજી ઝિંઝૂવાડીયા - પાદરા | ચિ. ઋષિકાની ઓફિસના ઉદ્‌ઘાટન પ્રસંગે |
| ૨૦૧ | શ્રી સુરેશભાઈ અંબાલાલ સુખડીયા - (ડીસવાળા) - વડતાલ | નવી ગાડી લાવ્યા તે નિમિત્તે શ્રી લક્ષ્મી.દેવની પ્રસન્નાર્થે |
| ૧૦૦ | શ્રી નગીનભાઈ છગનલાલ દેસાઈ - રાજપીપલા | શ્રી લક્ષ્મીનારાયણ દેવની પ્રસન્નાર્થે |
| ૧૦૦ | શ્રી નગીનભાઈ છગનલાલ દેસાઈ - રાજપીપલા | શ્રી હરિકૃષ્ણ મહારાજની પ્રસન્નાર્થે |
| ૧૦૦૧ | શ્રી ક્રિષ્ણાબેન જગદીશભાઈ પટેલ - રાયપુર (છત્તીસગઢ) | શ્રીલક્ષ્મી./શ્રીહરિકૃષ્ણમહારાજની પ્રસન્નાર્થે |
| ૧૦૧ | શ્રી પ્રતિક મધુસૂદન શુક્લ - વિરાર-મુંબઈ | સુખી દામ્પત્યજીવન નિમિત્તે |
| ૧૫૫ | શ્રી જગદીશચંદ્ર જી. ધ્યાની - આણંદ | ચિ. પારૂલ એલ.એલ.બી.ની પરીક્ષામાં પાસ થયાં તે નિમિત્તે |
| ૧૦૧ | શ્રી રતીલાલ ડાહ્યાભાઈ ઠાકોર હ. મનીષાબેન - વિદ્યાનગર | તેઓશ્રીના સ્મરણાર્થે |
| ૧૦૧ | શ્રી મનસુખલાલ નાગરદાસ વ્યાસ - કાંકેર (એમ.પી.) | શ્રીજી મહારાજની પ્રસન્નાર્થે |
| ૫૦૦ | શ્રી ત્રિકમભાઈ રણછોડભાઈ પટેલ (હ. દિવાનસિંહ - થાળ/ભેટવાળા) - હેરંજ | નવી પાણીની પાઈપલાઈન નાખી તે નિમિત્તે |
| ૧૦૦૧ | શ્રીમતી ક્રિષ્ણાબેન જગદીશભાઈ પટેલ - નડિયાદ | શ્રી સ્વામિનારાયણ ભગવાનની પ્રસન્નાર્થે |
| ૧૦૦ | શ્રી દિલિપભાઈ જેશીંગભાઈ પટેલ - કેસલું | નવું મકાન બનાવ્યું તે નિમિત્તે |
| ૧૦૧ | શ્રી આશિષકુમાર ઠાકોરભાઈ શાહ - બુરહાનપુર (એમ.પી.) | નવું બાઈક લાવ્યા તે નિમિત્તે |
| ૧૦૧ | શ્રીમતી હર્ષિકાબેન દિપકકુમાર પટેલ - કેસલું | શ્રીજી મહારાજની પ્રસન્નાર્થે |
| ૧૦૦ | શ્રી ભાઈલાલભાઈ ત્રિભોવનદાસ પટેલ - કેસલું | નવો બોર બનાવ્યો તે નિમિત્તે |
| ૧૦૦ | શ્રી અનિરૂધ્ધસિંહ ભરતસિંહ ડોડીયા - બુધેજ | ગ્રામસેવકની નોકરી મળી તે નિમિત્તે |
| ૧૫૦ | શ્રી ઉદેસીંગભાઈ શીભઈભાઈ ચાવડા - બુધેજ | અક્ષરધામ નિમિત્તે શ્રી લક્ષ્મી.દેવની પ્રસન્નાર્થે |
| ૧૦૧ | ગોપી અમિષ રેલીયા - સુરત | શ્રીજી મહારાજની પ્રસન્નાર્થે |
| ૧૦૦ | શ્રીમતી ભૂમિકાબેન પ્રકાશચંદ્ર પટેલ - ભરૂચ | શ્રી લક્ષ્મીનારાયણદેવની પ્રસન્નાર્થે |
| ૫૦૧ | શ્રી વિપુલભાઈ સી. રાણા - વડોદરા | ચિ. રૂપલને ડોક્ટરનો ઓર્ડર મળ્યો તે નિમિત્તે |
| ૧૦૧ | શ્રી કિરીટભાઈ આર. રાય - નડિયાદ | શ્રી હરિકૃષ્ણ મહારાજની પ્રસન્નાર્થે |
| ૧૦૧ | શ્રીમતી સરોજબેન કિરીટભાઈ રાય - નડિયાદ | શ્રી લક્ષ્મીનારાયણદેવની પ્રસન્નાર્થે |
| ૧૦૧ | શ્રી દિક્ષિતભાઈ એચ. રાય - નડિયાદ | શ્રી હરિકૃષ્ણ મહારાજની પ્રસન્નાર્થે |
| ૧૦૧ | ડિમ્પુબેન એમ. પટેલ - કરમસદ | શ્રીજી મહારાજની પ્રસન્નાર્થે |
| ૧૦૧ | શ્રી અરવિંદભાઈ ઉમેદભાઈ પટેલ - કુરાઈ | ચિ. નિકિતા બિમારીમાંથી સાજી થઈ તે નિમિત્તે |
| ૧૦૧ | શ્રી નિતેશ અરવિંદભાઈ ગગલાણી - કાંદિવલી | જન્મદિવસ - ૧૪/૭ પ્રસંગે |
| ૧૦૧ | શ્રી દર્શિતભાઈ રવિન્દ્રભાઈ પટેલ - આણંદ | એમ.બી.એ. થયા તે નિમિત્તે |
| ૧૦૧ | શ્રીમતી સુમીતાબેન રવિન્દ્રભાઈ પટેલ - આણંદ | તબીયત સારી થઈ તે નિમિત્તે શ્રી લક્ષ્મી.ની પ્રસન્નાર્થે |
| ૧૦૧ | શ્રી પૂજન મહેશભાઈ પટેલ - પીપળાવ | શ્રી લક્ષ્મીનારાયણદેવની પ્રસન્નાર્થે |

| | | |
|---|---|---|
| ૨૫૦ | શ્રી વ્રજ ભુષણ કારીયા - ઘાટકોપર | જન્મ પ્રસંગે શ્રી લક્ષ્મીનારાયણદેવની પ્રસન્નાર્થે |
| ૧૦૦ | શ્રી શરદ જગદીશભાઈ શુક્લ - આણંદ | એસ.એસ.સી. માં પાસ થયા તે નિમિત્તે શ્રીજી પ્રસન્નાર્થે |
| ૨૦૧ | શ્રી ભીખાભાઈ છગનલાલ કનસાડવાળા - સુરત | વડતાલવાસી શ્રી હરિકૃષ્ણ મહારાજની પ્રસન્નાર્થે |
| ૧૦૧ | શ્રી ધર્મેશકુમાર રમેશભાઈ પરમાર - મહુડિયાપુરા | શ્રી લક્ષ્મીનારાયણદેવની પ્રસન્નાર્થે |
| ૧૫૧ | શ્રી વિનોદચંદ્ર પ્રવિણચંદ્ર મહેતા (ચશ્માવાળા) - નવસારી | ચિ. મેહુલને ત્યાં પુત્રી આરૂશીના જન્મ પ્રસંગે |
| ૧૦૧ | હર્ષ અનિલકુમાર હ. સુધાબેન ગોવિંદભાઈ - રડોદરા | પી.ટી.સી.માં પાસ થયા તે નિમિત્તે |
| ૧૦૧ | પા. મયુર ભગત ગુ. વિજયપ્રકાશ સ્વામી - વડતાલ | ખોવાયેલ મોબાઈલ પરત મળ્યો તે નિમિત્તે શ્રીહરિ પ્રસન્નાર્થે |
| ૨૫૧ | શ્રીમતી મિનાક્ષીબેન મગનભાઈ પટેલ - નાવલી | શ્રી લક્ષ્મીનારાયણદેવની પ્રસન્નાર્થે |
| ૧૦૧ | શ્રીમતી સ્મિતાબેન ઠાકોરભાઈ પટેલ - લિંગસ્થળી (.જી.છ.) | ચિ. ભક્તિબેનની મગસતુલાની બાધા કરી તે નિમિત્તે |
| ૧૫૧ | પા. દિનુભગત ગુ.કો. આશા ભગત - સડથલાવાળા હ. મૌલિક મિસ્ત્રી - વડતાલ | નાવલી ગુરૂકુલમાંથી ઝેરી નાગ પકડ્યો તે નિમિત્તે |
| ૧૦૧ | શ્રીમતી પારૂલબેન વિનિતકુમાર - નાવલી | નવું પ્લેઝર લાવ્યા તે નિમિત્તે શ્રીજી પ્રસન્નાર્થે |
| ૨૨૫ | શ્રી રામકૃષ્ણ નારણભાઈ પટેલ - નિણમ | શ્રી હરિકૃષ્ણ મહારાજની પ્રસન્નાર્થે |
| ૧૦૧ | શ્રીમતી ગીતાબેન જગદીશભાઈ પટેલ - નડિયાદ | શ્રી હરિકૃષ્ણ મહારાજની પ્રસન્નાર્થે |
| ૨૫૧ | શ્રી રોહિતભાઈ શાહ - નવી મુંબઈ | મનોરથ પૂર્ણ થયા તે નિમિત્તે શ્રી હરિકૃષ્ણ મહારાજની પ્રસન્નાર્થે |
| ૧૦૧ | શ્રી અશોકભાઈ મણીભાઈ પટેલ - પીજવાળા - સેલવાસ | શ્રી લક્ષ્મીનારાયણદેવની પ્રસન્નાર્થે |
| ૧૦૦ | એક હરિભગત - વડતાલ | શ્રી હરિકૃષ્ણ મહારાજની પ્રસન્નાર્થે |
| ૧૦૧ | શ્રીમતી ગોદાવરીબેન નવનીતલાલ સોની - ગોરવા (વડોદરા) | નવનીતલાલના મોક્ષાર્થે શ્રીજી પ્રસન્નાર્થે |
| ૧૫૧ | શ્રી અશોકભાઈ શામજીભાઈ પરમાર - ગોધરા | નવી ગાડી લાવ્યા તે નિમિત્તે શ્રી લક્ષ્મી.દેવની પ્રસન્નાર્થે |
| ૧૦૦ | શ્રી મહેન્દ્રભાઈ વલ્લભભાઈ - ડેમોલ | ચિ. શંભુના જન્મદિવસ પ્રસંગે |
| ૧૦૧ | પા. દિનુભગત ગુ.કો. આશા ભગત - સડથલાવાળા - વડતાલ | |
| | હ. હિરાભાઈ તથા ધીરૂભાઈ | તિર્થસ્થળ શ્રીગોમતીજીમાંથી ઝેરી સાપ પકડ્યો તે નિમિત્તે |
| ૨૦૧ | શ્રી મૃગેશકુમાર હસમુખભાઈ પટેલ - વલેટવા | નવું બાઈક લાવ્યા તે નિમિત્તે શ્રી લક્ષ્મી.દેવની પ્રસન્નાર્થે |
| ૧૦૧ | શ્રીમતી પ્રફુલાબેન રમણભાઈ પટેલ - આણંદ | શ્રી હરિકૃષ્ણ મહારાજની પ્રસન્નાર્થે |
| ૧૧૦ | શ્રી ચંદ્રકાન્તભાઈ રાવજીભાઈ પટેલ - ઉત્તમનગર | ધર્મપત્ની સ્વ. ધનલક્ષ્મીબેનના મોક્ષાર્થે |
| ૫૦૧ | શ્રી જીતેન્દ્રભાઈ અરવિંદભાઈ પટેલ - ગજેરા | નવું 'જેસીબી મશીન' લાવ્યા તે નિમિત્તે |
| ૧૫૧ | શ્રીમતી કૃષિતાબેન આર. પટેલ - બામણગામ | એમ.કોમ. માં પાસ થયા તથા નોકરી મળી તે નિમિત્તે |
| ૧૨૫ | શ્રી મગનભાઈ શિવાભાઈ નાયક - અટલાદરા | ચિ. અનિતાબેનને નોકરી મળી તે નિમિત્તે |
| ૧૦૧ | ભાગ્યલક્ષ્મી ટ્રેડીંગ કું. સુરેશભાઈ કે. પટેલ - વલેટવા | શ્રી લક્ષ્મીનારાયણદેવની પ્રસન્નાર્થે |
| ૨૦૦ | શ્રીમતી કપિલાબેન ભાઈલાલભાઈ પટેલ - સેંધવા (એમ.પી.) | ગુરૂપૂર્ણિમા પ્રસંગે શ્રી હરિકૃષ્ણ મહારાજની પ્રસન્નાર્થે |
| ૧૦૧ | શ્રી અમિત રામભાઈ પટેલ - કપડવંજ | ચિ. અક્ષરના જન્મ પ્રસંગે |
| ૧૦૦ | શ્રીમતી હંસાબેન હસમુખભાઈ પટેલ - ભરૂચ | શ્રી લક્ષ્મીનારાયણદેવની પ્રસન્નાર્થે |
| ૧૦૧ | શ્રી સમીર મૂળજીભાઈ પટેલ - દાંદા | ગુરૂપૂર્ણિમા પ્રસંગે શ્રી લક્ષ્મીનારાયણદેવની પ્રસન્નાર્થે |
| ૧૦૧ | શ્રી અરવિંદભાઈ જમનાદાસ સોની - સુરત | નવું મકાન લીધું તે નિમિત્તે |
| ૧૦૧ | શ્રીમતી સુશીલાબેન જશભાઈ પટેલ - જીટોડીયા | શ્રી લક્ષ્મીનારાયણદેવની પ્રસન્નાર્થે |
| ૧૦૧ | શ્રી શૈલેષકુમાર ચંદુલાલ દરજી - દાહોદ | શ્રી લક્ષ્મીનારાયણદેવની પ્રસન્નાર્થે |
| ૧૦૧ | શ્રી ઘનશ્યામ ટ્રેડર્સ - દાહોદ | શ્રી લક્ષ્મીનારાયણદેવની પ્રસન્નાર્થે |
| ૧૦૧ | શ્રી હિતેશ જયંતીલાલ કાબરાવાળા - ભરૂચ | નવા મકાનનું ખાતમુહૂર્ત કર્યુ તે નિમિત્તે |
| ૧૦૦ | શ્રીમતી પ્રવિણાબેન પાઠક - વડોદરા | ગુરૂપૂર્ણિમા પ્રસંગે શ્રી લક્ષ્મીનારાયણદેવની પ્રસન્નાર્થે |
| ૧૦૦ | શ્રી જગદીશભાઈ ચિમનભાઈ કા. પટેલ - વિરસદ | નવું બાઈક લાવ્યા તે નિમિત્તે |
| ૧૦૦ | શ્રી અનિલ રસિકભાઈ વાઘેલા - વડોદરા | શ્રી હરિકૃષ્ણ મહારાજની પ્રસન્નાર્થે |
| ૧૦૧ | શ્રીમતી વસંતબેન નરોત્તમદાસ ઝઘડા - મુંબઈ | શ્રી હરિકૃષ્ણ મહારાજની પ્રસન્નાર્થે |
| ૧૦૧ | શ્રી ઘનશ્યામભાઈ ડાહ્યાભાઈ પારેખ - રણોલી | ગુરૂપૂર્ણિમા પ્રસંગે શ્રી લક્ષ્મીનારાયણદેવની પ્રસન્નાર્થે |

# વિદેશ સમાચાર






શ્રી સ્વામિનારાયણ મંદિર ગ્રાન્ડપેરી - ડલાસ (યુ.એસ.એ.)ના વિશાબ્દી મહોત્સવની તસવીરો....





શ્રી સ્વામિનારાયણ મંદિર સમરસેટ - ન્યુજર્સી (યુ.એસ.એ.)માં બિરાજતા દેવોનો ૭ મો વાર્ષિક પાટોત્સવની ઝલક....

# વડતાલધામને આંગણે ભવ્ય હિંડોળા ઉત્સવ ઉદ્‌ઘાટન સમારોહ









